CMYK

Website : www.rakhewaldaily.com    Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : 33 ● અંક : ૩૩૨
તા.૧૦-૦૧-૨૦૧૮, બુધવાર
સંવત ૨૦૭૪ પોષ વદ - ૦૯
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૨૫ સૂર્યાસ્ત : ૦૬:૧૧

તાપમાન: ડીસા ૧૦.૩ | અમદાવાદ ૧૪.૬ | ગાંધીનગર ૧૩.૫ | વડોદરા ૧૪.૪ | સુરત ૧૭.૪ | નલિયા ૦૭.૦

ચાંદી : ૩૯,૪૦૦ સોનું : ૩૦,૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ભારતમાં રોકાણ કરીને એનઆરઆઈ દેશની સેવા કરે : મોદી

## વિદેશમાં રહેતા ભારતીય મૂળના લોકોની પહેલી પાર્લામેન્ટ્રી કોન્ફરન્સનું વડાપ્રધાને ઉદ્દઘાટન કર્યું

ન્યુ દિલ્હી

વિદેશોમાં રહેતા ભારતીય મૂળના લોકો (PIO)ની પહેલી પાર્લામિન્ટ્રી કોન્ફરન્સનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું. આ કોન્ફરન્સને સંબોધતા મોદીએ કહ્યું, “સેંકડો વર્ષોમાં જે પણ લોકો ભારતની બહાર ગયા તેમના મનમાંથી ભારત ક્યારેય બહાર ન નીકળ્યું. વિશ્વના જે ભાગમાં તેઓ ગયા, ત્યાં તેમણે તેમના મૂલ્યો-સંસ્કારોને જીવીત રાખ્યા.” ઉલ્લેખનીય છે કે કોન્ફરન્સમાં ૨૩ દેશોના ૧૨૪ સાંસદો અને ૧૭ મેયર ભાગ લીધો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારના રોજ ભારતીય મૂળના સાંસદોને સંબોધિત કરતાં કહ્યું કે દુનિયામાં ભારતનું મહત્વ ઘણું વધી ગયું છે. ભારત આજે વૈશ્વિક નીતિઓ બનાવનાર દેશ બની ગયો છે અને આપણે આપણી ઉપલબ્ધિઓ પર ગર્વ છે.

ભારતીય મૂળના સાંસદોના પહેલા સંસદીય સંમેલનને સંબોધિત કરતાં પીએમ મોદીએ કહ્યું કે તમે લોકો ઘણા વર્ષોથી જુદા-જુદા દેશોમાં વસવાટ કરી રહ્યાં છો. તમે અનુભવ કર્યો હશે કે છેલ્લાં ત્રણ-ચાર વર્ષમાં ભારતના પ્રત્યે દુનિયાનો દ્રષ્ટિકોણ બદલાયો છે. તેનું મુખ્ય કારણ ભારત પોતે બદલાઈ રહ્યું છે. તમને અહીં જોઈને તમારા પૂર્વજો કેટલાં પ્રસન્ન થઈ રહ્યાં હશે, તેનો અંદાજો તમે તમામ લોકો લગાવી શકો છો. તેઓ જયાં પણ હસે તમને અહીં જોઇ ખૂબ જ ખુશ થઈ રહ્યાં હશે. સેંકડો વર્ષોના કાળખંડમાં ભારતથી જે પણ લોકો બહાર ગયા, ભારત તેમના મનમાંથી કયારેય બહાર નીકળી શકયું નથી. પીએમ એ કહ્યું કે આ કોઈ આશ્ચર્યની વાત નથી કે ભારતીય મૂળના પ્રવાસી જયાં પણ ગયા, તેઓ સંપૂર્ણ રૂતે એકજૂથ રહીને તે જગ્યાને પોતાનું ઘર બનાવી લીધું. તેમણે જયાં એક બાજુ પોતાનામાં ભારતીયતાને જીવિત રાખ્યા, તો બીજીબાજુ ત્યાંની ભાષા અને ત્યાંની ખાણી-પાણી, ત્યાંની વેશ-ભૂષામાં સંપૂર્ણપણે રંગાઈ ગયા. આ સંમેલનમાં ૨૩ દેશના ભારતીય મૂળના સાંસદ એ ભાગ લીધો છે. તેમણે કહ્યું કે રાજકારણની વાત કરીએ તો હું જોઈ રહ્યો છું કે કેવી રીતે ભારતીય મૂળનું એક મિની વર્લ્ડ પાર્લામેન્ટ મારી સામે ઉપસ્થિત છે. આજે ભારતીય મૂળના લોકો મોરેશિયસ, પોર્ટુગલ અને આયરલેન્ડમાં વડાપ્રધાન છે.ભારતીય મૂળના લોકોએ કેટલાંય દેશોમાં હેડ ઓફ સ્ટેટ અને હેડ ઓફ ગર્વમેન્ટ રહી ચૂકયા છે.

### ખેતરમાં કામ કરતો ભાગીયો અપહરણ કરી ગયાની શંકા

## પાલનપુર તાલુકાના બાદરપુરા(ભુતેડી) ગામની ચાર વર્ષીય બાળકીનું અપહરણ થતાં ચકચાર

પાલનપુર

પાલનપુર તાલુકાના બાદરપુરા ભુતેડી ગામની સ્કૂલમાં ગયેલી ૪ વર્ષની બાળકીને તેમના જ ખેતરમાં ભાગીયા તરીકે રહેલો ૨૨ વર્ષીય શખ્સ બાઈક ઉપર અપહરણ કરી જતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે પાલનપુર તાલુકા પોલીસે ગુનો નોંધી બાળકીની શોધખોળ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુર તાલુકાના બાદરપુરા ભુતેડી ગામમાં રહેતા મનુભાઈ ચૌધરીની ૪ વર્ષીય પુત્રી તન્વી ગતરોજ ગામની ખાનગી સ્કૂલ પ્રેરણા પ્રા. શાળામાં સોપાન ૨ માં અભ્યાસ કરવા ગઈ હતી. જેને લેવા માટે બપોરે ૨.૦૦ વાગ્યે મનુભાઈના ખેતરમાં ભાગીયા તરીકે રહેલો સરદાર ઉર્ફે મુકેશ મગનભાઈ આદિવાસી બાઈક નંબર જી.જે.૮.૨૦૨૩ લઈ ને ગયો હતો. જોકે, તે તનવીને ઘરે લઈ આવવાના બદલે તેણીનું અપહરણ કરી ગયો હતો. બીજી તરફ સાંજ સુધી તન્વી ઘરે ન આવતાં ચિંતાતુર પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. અને વાસ્તવિક સ્થિતિની જાણ થતાં મોડી સાંજે તાત્કાલિક પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે બનાવની ગંભીરતાને લઈને પોલીસે બાળકી ની શોધખોળ હાથ ધરી છે.



અપહરણ થયેલ બાળકી | અપહરણ કરનાર આરોપી

### અપહરણકારના ચુંગાલમાંથી બાળકીનો હેમખેમ છુટકારો

પોલીસે વિવિધ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી જેમાં પાલનપુર એલ.સી.બી.એ બાળકીને આબુરોડ પાસેથી અપહરણકારના ચુંગાલમાંથી હેમખેમ બચાવી લીધી હોવાનું જિલ્લા પોલીસવડા નિરજ બડગુજરે મીડીયા સમક્ષ જણાવ્યું હતું


### બેસણું



સ્વ.લલીતાબેન ચુનીભાઈ (ચુનીકાકા) પટેલ

સ્વ.તા.૦૯/૦૧/૨૦૧૮, મંગળવાર

અમારા પરમ પૂજય માતૃશ્રી સ્વ.લલીતાબેન ચુનીભાઈ (ચુનીકાકા) પટેલ તા.૯/૧/૨૦૧૮ ને મંગળવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્દગતનું બેસણું તા.૧૧/૧/૨૦૧૮ ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

નિવાસ સ્થાન : ચુનીકાકા પાર્ક, ત્રણ હનુમાન રોડ, ડીસા
મો.૯૮૨૪૦ ૯૦૭૯૪, ૯૮૨૫૪ ૭૯૪૨૫

લિ.

દિલીપભાઈ ચુનીભાઈ પટેલ (પુત્ર)

હરીશભાઈ જનુભાઈ પટેલ (ભત્રીજા) | પ્રકાશભાઈ જનુભાઈ પટેલ (ભત્રીજા)
પ્રવિણભાઈ ચુનીભાઈ પટેલ (પુત્ર) | વિજયભાઈ જનુભાઈ પટેલ (ભત્રીજા)
સાગર પ્રવિણભાઈ પટેલ (પૌત્ર) | પ્રણવ પ્રવિણભાઈ પટેલ (પૌત્ર)

નિરવ દિલીપભાઈ પટેલ (પૌત્ર)

### બેસણું



સ્વ.સાવિત્રીબેન શાંતિલાલ ઠક્કર (જોબનપુત્રા) મુ.વાવ
સ્વ.તા.૧/૧/૧૮

મારા ધર્મપત્નિ અ.સૌ.સાવિત્રીબેન શાંતિલાલ ઠક્કર (જોબનપુત્રા) નું તા.૧/૧/૧૮ ને સોમવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂં, સદ્દગતનું બેસણું તા.૧૧/૧/૨૦૧૮ ને ગુરૂવારના રોજ બપોરે ૩ થી ૫ વાગ્યા સુધી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પારકર લોહાણા વાડી, નવી બજાર, વાવ, જિ.બ.કાં.

લિ.

શાંતિલાલ દેવચંદભાઈ ઠક્કર (પતિ) | અમીતકુમાર હીરાલાલ ઠક્કર (ભત્રીજ)
સુનીલકુમાર શાંતિલાલ ઠક્કર (પુત્ર) | ભાવેશકુમાર હીરાલાલ ઠક્કર (ભત્રીજ)
વિપુલકુમાર શાંતિલાલ ઠક્કર (પુત્ર) | કલ્યાણ ભાનુભાઈ ઠક્કર (ભત્રીજ)
નીરવકુમાર શાંતિલાલ ઠક્કર (પુત્ર) | નવીનકુમાર તલકશીભાઈ ઠક્કર (બનેવી)
હીરાલાલ દેવચંદભાઈ ઠક્કર (જેઠ) | જીગ્નેશકુમાર પ્રભુલાલ ઠક્કર (ભાણેજ)
ભાનુભાઈ દેવચંદભાઈ ઠક્કર (દિયર) | ઝલકકુમાર ડાહ્યાલાલ ઠક્કર (જમાઈ)

ફર્મ : ખોડીયાર કન્ટ્રકશન, વાવ, મલ્ટી ચેનલ નેટવર્ક, સત્યમ કેબલ વિઝન - ડીસા

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
• માથાનો દુ:ખાવો • યાદશકતી ઓછી થવી
• ખેંચ-વાઇ • હાથપગની ધ્રુજારી
• લકવો-પક્ષાઘાત • નસોની નબળાઇ
• મગજનો ટીબી • હાથપગમાં ઝણઝણાટી
• ચક્કર • સાયેટીકા
• ગરદન અને કમરના મણકાની તકલીફો

ડૉ.વિશાલ જોગી (D.M.Neurology) ન્યુરોફીઝીશીયન
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોકટર
દર શુક્રવારે મળશે.
રાજસ્થાન હોસ્પિટલ
ડૉ.કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરીની સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા. ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨





CMYK

સૂર્યોદય - ૭.૨૫ સૂર્યાસ્ત - ૬.૧૧

## તિથિદર્શન

પોષ વદ-૯ બુધવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ પોષ વદ : નોમ બુધવાર નક્ષત્ર:સ્વાતી યોગ : ધૃતી કરણ :વણીજ આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### એક એવો સહ્યદધ્ધર્મો નિધને અપ્યુનયાપિ ચઃ શરીરેણ સમં નાશં સર્વ મન્યદ્ધિ ગચ્છતિ

'એક ધર્મ જ આપણો સાચો સાથીદાર મિત્ર છે જે આપણા મૃત્યુ પછી પણ આપણો સંગાથ કરે છે, સાથે ચાલે છે, બીજા બધાં નિકટનાં સાથીઓ પણ જ્યારે આપણું નાશવંત શરીર નાશ પામે ત્યારે આપણો સાથ છોડી દે છે અને આપણો ત્યાગ કરે છે.' 'સ્મશાન-યાત્રા' નો સમય શું છે? એ સારા શબ્દોનો કેટલાક વિસ્તારમાં 'ક્યારે કાઢી જવાના છે?' એવો પણ પ્રયોગ થાય છે, શરીરમાંથી આત્મા ચાલ્યા ગયા પછી આત્મા સાથેના સંબંધોનો અંત આવે છે, એ 'શરીર'નો નાશ કરવામાં આવે છે. શરીર વૈજ્ઞાનિક રીતે પણ વધારે સમય રાખવું હિતાવહ નથી. એટલે કે મૃત્યુ પછી સૌ સંબંધો- પારિવારિક- સામાજિક બધા જ નો અંત આવી જાય છે. 'આત્મા' સાથે કરેલાં કામ- દયા- ધર્મ- પુણ્ય- સત્કાર્યો- ભક્તિ જ સાથે જાય છે જેણે ધર્મમય- એટલે કે સમાજસેવાનાં તમામ કર્તવ્યો ફરજો ઈશ્વરને સાક્ષીમાં રાખીને કર્યાં હોય તે જ સાથે ચાલે છે.

ધર્મ જ સાચો મિત્ર છે. મિત્ર જેમ સંકટ સમયે મદદરૂપ થાય છે તેમ ધર્મ મૃત્યુ પછી મદદરૂપ થાય છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે..**

**વૃષભ : (બ.વ.ઉ.) આવક કરતા જાવક વિશેષ રહે. અંગત મૂંઝવણ અનુભવાય.**

**મિથુન : (ક.છ.ઘ.)આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધામાં સફળતા રહે.**

**કર્ક : (ડ.હ.) પ્રવાસ-પર્યટન થાય.આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.**

**સિંહ : (મ.ટ.) મહત્વના કાર્યો અટકી પડે. ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે.**

**કન્યા : (પ.ઠ.ણ.) ખર્ચમાં વધારો થાય. આર્થિક સમતુલા ખોરવાઇ જાય.**

**તુલા : (ર.ત.) અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. મનની મુરાદ બર ન આવે.**

**વૃશ્ચિક : (ન.ય.) સ્નેહિથી મતભેદ સર્જાય. કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે.**

**ધન : (ભ.ફ.ધ.) પડવા-વાગવાથી સંભાળવું. નવિન તક મળે.**

**મકર : (ખ.જ.)પુરૂષાર્થ વધારવાથી કાર્યમાં સફળતા મળે. અકારણ ચિંતા રહે.**

**કુંભ : (ગ.શ.સ.) વાણી સંયમ જાળવવો હિતાવહ. વ્યર્થ ક્રોધના ભોગ બનવું પડે.**

**મીન : (દ.ચ.જ.થ.)પારિવારીક જીવનમાં આનંદ રહે. મનની મુરાદ પૂરી થાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ગણિતના પ્રાધ્યાપક, ઉત્તમ ધારાશાસ્ત્રી અને પ્રસિધ્ધ વિધિમીમાંસક (જયુરિસ્ટ) ડો. રાધાવિનોદ પાલની પુણ્યતિથી છે. એમનો જન્મ ઈ.સ. ૧૮૮૬માં કલકત્તામાં થયો હતો. ઈ.સ. ૧૯૩૭માં તેઓ ઈન્ટરનેશનલ એકેડેમી ઓફ ડેમોરેટીવ લો'ના સંયુકત પ્રમુખ હતા. ૧૯૫૨માં તેઓ યુનોના આંતરરાષ્ટ્રીય લો કશિશનના સભ્ય અને ૧૯૫૮માં એના અધ્યક્ષ તરીકે નિમાયા હતા. 'હિંદુ ફિલોસોફી' અને 'લો ઈન ધી વેદિક એઈજ ' એ બે કૃતિઓ એમની પરિશીલનયુક્ત અધ્યાપન-પ્રવૃત્તિઓ નિચોડ છે.

આ કાયદાશાસ્ત્રીનું તા.૧૦-૧-૧૯૬૭ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

### પાલનપુર પાલિકાની વધુ એક ગુન્હાહિત બેદરકારી

# પાલિકા પ્રમુખના વિસ્તારમાં જ ખુલ્લી ગટરમાં બાઈક ખાબક્યું



સંજય જોષી

પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાની ઘોર બેદરકારીના પાપે તાજેતરમાં મહિલા મંડળ સામે એક ૪ વર્ષીય બાળકી ખુલ્લી ગટરમાં ખાબકી હોવાના સમાચારોની હજી શાહી પણ સુકાઈ નથી. ત્યારે આજે પાલિકા ની વધુ એક ગુન્હાહિત બેદરકારી સામે આવી હતી. જેમાં ખુદ પાલિકા પ્રમુખના વિસ્તારમાં જ બાઈક ખુલ્લી ગટરમાં ખાબકતા ચકચાર મચી ગઈ હતી. ઘટના સ્થળેથી પ્રાપ્ત વિગતો મુજબ, પાલિકા પ્રમુખના વોર્ડ એવા બેચરપુરા વિસ્તારમાં બેચરપુરાથી અમદાવાદ હાઈવે જતા જાહેર રોડ પરની ખુલ્લી ગટરમાં આજે એક બાઈક ખાબક્યું હતું. બાઈકનું આગળનું ટાયર ઢાંકણ વગરની ખુલ્લી ગટરમાં ખાબક્યું હતું. જેને પગલે બાઈક પર સવાર હર્ષ પ્રવીણભાઈ મેવાડા અને તેમની માતા (રહે. આકેસણ તા. પાલનપુર)ને ઈજા થઈ હતી. ઘટનાને પગલે લોકો ટોળે વળ્યાં હતા. લોકોએ પાલનપુર નગરપાલિકાની ગુન્હાહિત બેદરકારી સામે ભારે ફિટકારની લાગણી વરસાવી હતી.

## ડાભેલા ગામે પશુ વંધત્વય નિવારણ કેમ્પ યોજાયો



વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

બનાસડેરી પાલનપુર અને ફેડરેશન દ્વારા સંચાલિત પશુ વંધત્વ નિવારણ યોજના અંતર્ગત ડાભેલા દુધ ઉ.સ.મંડળીમાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લાંબા સમયથી પડતર પશુઓની સારવાર તેમજ નિદાન કરવામાં આવ્યું હતું. જે માટે ગામની દુધમંડળીના ચેરમેન દરબાર મફતસિંહ, મંત્રી યોગેશસિંહ એ.આઈ. કર્મચારી તેમજ ટેસ્ટર હાજરી આપેલ, સદર કેમ્પમાં બનાસડેરી તરફથી (એફ.આઈ.પી) વિભાગમાં ફરજ બજાવતા ડૉ.અશોક પી.પટેલ તેમજ ડૉ.આગલોડીયાએ કેમ્પમાં સેવા આપેલ. જેમાં ડાભેલા ગામના પશુપાલકોએ મોટી સંખ્યામાં હાજર રહી આ સેવાનો લાભ લીધો હતો.

## મલાણામાં રીસોર્ટના કર્મચારીને ધમકી

પાલનપુર

પાલનપુર તાલુકાના મલાણા ગામે રીસોર્ટના ચાલતા કામ દરમ્યાન ઝગડો કરવાના ઈરાદે પ્રવિણભાઈ ધૂમાભાઈ પટેલ સહિત છ શખ્સો આવ્યા હતા. અને કર્મચારી મેહુલભાઈ પટેલને તથા અન્યોને ગાળો બોલી આ રસ્તો બનાવવાનું કોણે ચાલુ કર્યું છે. અને રીસોર્ટમાં આવવાના તમામ દરવાજા બંધ કરી દઈશું તેમ કહી રીસોર્ટમાંથી નીકળી જોઓ નહીંતર મારી નાખીશું તેવી ધમકી આપી હતી જે મતલબની પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા આગળની તપાસ પી.એસ.આઈ એ.વાય પટેલ ચલાવે છે.

# જિલ્લામાં ઠંડીનો તીવ્ર ચમકારો ડીસામાં ૧૦.૩ ડીગ્રી તાપમાન

ડીસા

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી કાતિલ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ત્યારે ગઈકાલે પણ ડીસા સહિત જિલ્લામાં હાડ થીજવતી તીવ્ર ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. ગતરોજ ડીસામાં ૧૦.૩ ડીગ્રી તાપમાન નોંધાયું હતું. ઉત્તર ભારતના હિમાચલમાં થઈ રહેલ હિમવર્ષાના પગલે સમગ્ર ગુજરાત તીવ્ર ઠંડીની લપેટમાં આવી ગયું છે. છેલ્લા કેટલાક દિવસોથી ગાત્રો થીજવતી ઠંડી પડી રહી છે. ગઈકાલે પણ બનાસકાંઠા જિલ્લામાં તીવ્ર ઠંડી અનુભવાઈ હતી. વહેલી સવારે અને રાત્રે લોકો ઘરમાં જ પુરાઈ રહેવાનું પસંદ કરે છે. લોકોની ચહલ પહલ વગર માર્ગો સુમસામ બની જાય છે. ડીસા હવામાન વિભાગ દ્વારા ગઈકાલે ડીસાનું તાપમાન ૧૦.૩ ડીગ્રી નોંધાવા પામ્યું હતું.

# દારૂબંધી માટે બુટલેગરોને બંધ કરવા જરૂરી : અલ્પેશ ઠાકોર



ચેતન શ્રીમાળી

પ્રતિનિધિ આસેડા

ડીસા તાલુકાના ઢીમા ગામે બેસણાના સામાજીક પ્રસંગે આવેલા રાધનપુર ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે ઉત્તરાયણના કમુરતા બાદ રાજ્યભરમાં દારૂબંધી માટે લડત ચલાવવાનો પુનરોચ્ચાર કર્યો હતો. ભાજપ સરકારને આડે હાથ લઈ તેમણે જણાવ્યું હતું કે સરકારે બટાટાના ભાવમાં સબસીડી જાહેર કરી હતી. પરંતુ હજુ સુધી ચુકવી નથી. વધુમાં તેમણે સમગ્ર રાજ્યમાં દારૂબંધીના કડક અમલ માટે પોલીસ બુટલેગરોને બંધ કરાવે તો દારૂબંધી થઈ શકે. ઉત્તરાયણ બાદ આ મુદ્દે ગાંધીનગરમાં પ્રેસ પરિષદ અને સંમેલન યોજી લડત આગળ ધપાવાશે. ત્યારે પોલીસ પાસે હજુ અઠવાડિયાનો સમય છે. બુટલેગરોને બંધ કરવાનો તેમ છતાં પોલીસ આમ નહીં કરે તો આંદોલન છેડીશુ.

# પાલનપુર સિમલાગેટ વિસ્તારમાં વેપારીઓ વચ્ચે મારામારી



સંજય જોષી

પાલનપુર

પાલનપુર શહેરના સિમલાગેટ વિસ્તારમાં શાકભાજી વેચવાના મુદ્દે વેપારીઓ વચ્ચે મારામારી થઈ હતી. જેમાં લાકડી વડે હૂમલો કરવામાં આવતાં એક યુવકને ઈજા થવા પામી હતી. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યો હતો. પાલનપુરમાં સિમલાગેટ વિસ્તારમાં રેલવે સ્ટેશન તેમજ નગરપાલિકાને સાંકળતા માર્ગની બંને બાજુ વેપારીઓ દ્વારા શાકભાજી, ફળોની લારીઓ ઉભી રાખવામાં આવે છે. આ ઉપરાંત પાથરણા પાથરીને પણ વેપાર કરવામાં આવી રહ્યો છે. જેના કારણે અવાર- નવાર ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. પોલીસ દ્વારા રોજ બરોજ કાર્યવાહી કરવામાં આવતી હોવા છતાં સમસ્યા ઠેરનીઠેર છે. ત્યારે ગતરોજ વેપારીઓ વચ્ચે મારામારી થવા પામી હતી. જેમાં લાકડી વડે હૂમલો કરવામાં આવતાં એક યુવકને ઈજા થવા પામી હતી. જેને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. આ ઘટનામાં લારીઓમાંથી આદુ, લીલી હળદર સહિતના શાકભાજી વેરણ- છેરણ થઈ ગયા હતા. ઘટનાને પગલે લોકોનું ટોળુ એકત્ર થઈ ગયું હતુ. અને સમગ્ર વિસ્તારમાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી.

# પાલનપુર મોદી સ્કૂલમાં દાનવીરોનો સન્માન સમારંભ યોજાયો



એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

બનાસકાંઠા જિલ્લા મોઢ મોદી કેળવણી મંડળ, પાલનપુર સંચાલિત મોદી સ્કુલ પાલનપુરને અરૂણભાઈ આર. મહેતા મુંબઈ દ્વારા કમ્પ્યુટર લેબ માટે રૂા. ૨,૫૦,૦૦૦ નું દાન આપેલ. જે અનુસંધાને તા. ૭/૦૧/૨૦૧૮ ના રોજ યોજેલ સન્માન સમારંભમાં રજનીકાબેન અરૂણભાઈ મહેતા (મુંબઈ), અમીતાબેન મહેતા (અમેરિકા), સમીરભાઈ મહેતા (અમેરિકા) અને અનિલભાઈ શાહ (અમદાવાદ) નું સંસ્થાના પ્રમુખ દલપતભાઈ મોદી તથા ટ્રસ્ટીગણ દ્વારા સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમીતાબેન મહેતા દ્વારા કમ્પ્યુટર લેબનું ઉદઘાટન કરતા રૂપિયા ૫૦,૦૦૦ ના દાનની જાહેરાત કરવામાં આવી હતી. તેમજ સુરેશભાઈ મોદી (બિલ્ડર) દ્વારા રૂપિયા ૭૫,૦૦૦ ના દાનની જાહેરાત કરવામાં આવી હતી.

# અમીરગઢ આઈ.ટી.આઈ.માં રકતદાન કેમ્પ યોજાયો



વિશાલ નાઈ

પ્રતિ. અમીરગઢ

અમીરગઢ સરકારી આઈટીઆઈમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. જેમાં આઈટીઆઈ ના પ્રિન્સિપાલ તથા સ્ટફ અને વિદ્યાર્થીઓની મદદથી ૪૦ બોટલ બ્લડ એકઠું કરવામાં આવ્યુ હતું બ્લડ એકત્ર કરવા માટે સિવિલ હોસ્પિટલની જનરલ બ્લડબેંકના કર્મચારીઓ હાજર રહ્યા હતા આ કાર્યક્રમમાં આસિસ્ટંટ કલેકટર પણ હાજર રહ્યા હતા.

# બનાસકાંઠા જિલ્લાના યુવાનો માટે લશ્કરી ભરતી પૂર્વે નિઃશુલ્ક તાલીમ વર્ગ યોજાશે

પાલનપુર

ભારતીય સેના દ્વારા યોજાનાર આગામી લશ્કરી ભરતીમેળા અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના ફક્ત પુરૂષ ઉમેદવાર માટે નિઃશુલ્ક તાલીમ વર્ગનું આયોજન જિલ્લા રોજગાર વિનિયમ કચેરી, પાલનપુર દ્વારા કરવામાં આવનાર છે. આ તાલીમ વર્ગમાં નીચે મુજબની લાયકાત/શારીરિક માપદંડ ધરાવતા ઉમેદવારોને પ્રિ-સ્ક્રીટીની પ્રક્રિયા સંપન્ન કરી તાલીમ વર્ગ માટે પસંદગી કરવામાં આવશે.

તાલીમ વર્ગ માટે જરૂરી લાયકાત આ પ્રમાણે છે. ઉંમર- ૧૭ ૧/૨ વર્ષથી ૨૩ વર્ષ, ધોરણ ૧૦/૧૨ પાસ, ઉંચાઈ- ૧૬૨ સેમી.થી ૧૬૮ સેમી, છાતી-૭૭ સેમી, વજન-૫૦ કિ.ગ્રા. જરૂરી છે. આ તાલીમ વર્ગમાં જોડાવા માંગતા બનાસકાંઠા જિલ્લાના પુરૂષ ઉમેદવારોએ જિલ્લા રોજગાર વિનિયમ કચેરી પાલનપુરનો રૂબરૂ સંપર્ક કરી આ અંગેનું ફોર્મ ભરવા રોજગાર અધિકારી દ્વારા જણાવાયું છે.

# ભીલડી ખાતે શ્રીરામ કથામાં રામ વિવાહની ઉજવણી



કંચનજી ઠાકોર

## કન્યાદાનમાં એક તોલા સોનું અર્પણ કરાયું

પ્રતિનિધિ ભીલડી

ભીલડી ઉમિયાનગર સોસાયટીમાં તા.૪ થી શ્રીરામ કથાનું જાણીતા કથાકાર પારસ દેવેન્દ્રભાઈ ભાવીક જનોને રસપાન કરાવી રહ્યા છે. ગઈકાલે કથાના ચોથા દિવસે મંગળવારના કથાં મંડપમાં શ્રીરામ વિવાહનો પ્રસંગ યોજાયો હતો. તો નાના બાળકો દ્વારા રામ-સીતા લક્ષ્મણના પાત્રો ભજવાયા હતા.

જયારે રામવિવાહમાં કન્યાદાનમાં જોષી બળદેવભાઈ બાબુભાઈએ એક તોલુ સોનુ અને રૂા.૧૧૦૦/- રોકડા આપ્યા હતા. મામેરૂ વિનોદકુમાર નટવરલાલ રાવલ દ્વારા ભરવામાં આવ્યું હતું. જોષી દેવચંદભાઈ, જોષી રેવાભાઈ પરિવાર માંડવાના યજમાન બન્યા હતા. આમ રામકથા સમાપાન તરફ જઈ રહી છે ત્યારે વિશાળ સંખ્યામાં ભાવિકજનો કથાનો લાભ લઈ રહ્યા છે.

## અવસાન નોંધ



તા.પ્રતિનિધિ વડગામ

શ્રી રાજપૂત સમાજ મિલ્કત ટ્રસ્ટ અંબાજીના મંત્રી મહોબતસિંહ ડી ચાવડાનું અવસાન થયેલ છે. તેમના અવસાનથી રાજપૂત સમાજમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ જવા પામી છે. તેઓએ સમાજના વિકાસ માટે કરેલા કાર્યોને લોકો બિરદાવી હૃદયપૂર્વક શ્રધ્ધાંજલી પાઠવી છે.

# ધાનેરા મામલતદારે શંકાસ્પદ ભેળસેળ યુક્ત તેલનો જથ્થો પકડી પાડયો



એન.કે.મોદી

## ફુડ વિભાગની ટીમ દ્વારા લેવાયા તમામ તેલના સેમ્પલો

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા મામલતદારે સોમવારે મોડી સાંજે એક ઈસમે ફોન ઉપર ફરીયાદ કરેલ કે ડીસાથી આવતી ટ્રાસ્પોર્ટની ગાડીમાં ભેળસેળ યુક્ત તેલ આવી રહ્યુ છે. જેથી ધાનેરા મામલતદારે આ ગાડીને ઉભી રખાવી તપાસ કરતા ગાડીમાં તેલ નો જથ્થો હતો પરંતુ તેના બીલો ન હોવાથી તમામ માલ કબ્જે લીધો હતો.અને બીજા દિવસે તેના સેમ્પલ માટે ફુડ વિભાગની ટીમને બોલાવી સેમ્પલો પણ લીધા હતા. તેલના સેમ્પલો લેવાની કામગીરી હાથ ધરી હતી જે મોડી સાંજ સુધી ચાલી હતી. ત્યારે બીજી તરફ શાંતિભાઇ રાજગોર નામના વેપારીએ આ તેલના તમામ બીલો રજુ કર્યા હતા. તેલના કેટલા ડબ્બા કબ્જે લેવાયા- રાધીકા-૫,અમુલ-૧૦,કિચન-૪૦,ઉમાપતિ-૧૨, અક્ષર-૨૫,ઉમીયાજી-૧૦ તેમજ વગર બ્રાન્ડના-૨૦ કુલ મળી ૧૫ લીટરના પેકના૧૨૨ ડબ્બા. તેમજ કિચન-૭૦ તથા ઉમીયાજી-૨૦ તેમ ૫ લીટર પેકના ૯૦ ડબ્બાઓ જયારે કિચન બ્રાન્ડ ના ૯ બોક્ષ તથા ઉમીયા ગોલ્ડ બ્રાન્ડના-૫ બોક્ષ જપ્ત કરવામાં આવ્યા છે. તેલનો જથ્થો સેમ્પલ તપાસ થયા પછી મુક્ત કરાસેઃ- મામલતદાર, ધાનેરા તેલનો જે જથ્થો પકડવામાં આવેલ છે તે સંકાસ્પદ ભેળસેળ વાળો જથ્થો છે જેના ફુડ વિભાગ દ્વારા સેમ્પલ લેવાયા છે. આ સેમ્પલોનુ રીજલ્ટ આવ્યા પછી તે જથ્થાને મુક્ત કરવો કે કેમ તેના ઉપર નિર્ભર છે. હાલમાં આ તમામ જથ્થો પુરવઠાના ગોડાઉનમાં રહેશે.

# ઢુવામાં હડકાયા કુતરાએ વધુ બેનો ભોગ લીધો

પ્રતિનિધિ આસેડા

ડીસા તાલુકાના ઢુવા ગામે હડકાયા કુતરાએ અગાઉ બેનો ભોગ લીધો હતો ત્યારે વધુ બેનું સારવાર દરમ્યાન મોત નિપજતા ગામમાં હાહાકાર મચી ગયો છે. ગત ૫ મી ડિસેમ્બરે ઢુવા ગામે હડકાયા કુતરાએ પાંચને બચકાં ભર્યા હતા. જેમાં એક બાળક અને યુવાનનું મોત નિપજ્યું હતું. જ્યારે કુતરાનો ભોગ બનેલ ધો.૬ માં ભણતો રસિકજી વિષ્ણુજી (ઉ.વર્ષ ૧૧) અને દશરથભાઈ રમેશભાઈ પરમાર (ઉ.વર્ષ ૧૮) ને વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ લઈ જવાયા હતા. પરંતુ સારવાર દરમ્યાન બંનેનું મોત નિપજતા ગામમાં હાહાકાર સાથે આક્રંદ છવાયો છે.

# વાવ તાલુકાની ચાર ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાશે



વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

ગતરોજ તા. ૯/૧/૧૮ ના રોજ રાજ્યની ૧૪૨૩ ગ્રામ પંચાયતોની ચૂંટણીની જાહેરાત થયેલી જેમાં બ.કાં. જિલ્લાની ૯ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનારી છે.

જે પૈકી વાવ તાલુકાની ખીમાણાવાસ, ઉમેદપુરા, ચોથાનેસડા અને ભાટવર ગામની ૪ પંચાયતોની ચૂંટણીઓ યોજાનારી છે. જે પૈકી ભાટવર ગામની માત્ર એક સરપંચની જ ચુંટણી યોજાશે. જ્યારે ત્રણ પંચાયતોની તમામ બોડીની ચૂંટણીઓ યોજાનારી છે. ચુંટણીની જાહેરાત થતાની સાથે જ ફરી પાછો રાજકીય ગરમાવો આવી ગયો છે. વાવ તાલુકા પંચાયત કચેરી ખાતે ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોનો ઘસારો વધી ગયો છે. સત્તાવાર પ્રાપ્ત થતી માહિતી અનુસાર વાવ તાલુકાની ખીમાણાવાસ- ચોથાનેસડા- ઉમેદપુરા ત્રણ પંચાયતોની તમામ વોર્ડ સહિતની ચૂંટણીઓ યોજાશે. જ્યારે ભાટવર ગામની ખાલી પડેલ સરપંચની ચૂંટણી યોજાશે. વાવ તાલુકાની ચાર પંચાયતોમાં ચૂંટણી યોજાશે.

**જાહેરનામું પ્રસિદ્ધ થશે- ૧૫/૧/૧૮**
**ઉમેદવારીપત્રો સ્વીકારવાની અંતિમ તારીખ -૨૦/૧/૧૮**
**ઉમેદવારીપત્રો ચકાસણીની તારીખ - ૨૨/૧/૧૮**
**ઉમેદવારીપત્રો પરત ખેંચવાની તારીખ -૨૩/૧/૧૮**
**મતદાન તારીખ- ૪/૨/૧૮**
**મતગણતરીની તારીખ- ૬/૨/૧૮**

# પાલનપુર એલસીબીએ વરલી મટકાનો જુગાર રમતા ચાર ઈસમોને ઝડપ્યા

પાલનપુર

બનાસકાંઠા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજર જિલ્લામાં દારૂ જુગારની પ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા પો.ઈન્સ. જે.એચ.સિંધવ એલસીબી તથા સ્ટાફના રઘુવીરસિંહ, ગણપત લાલ, રાજેશકુમાર, ભરતજી, ભગાભાઈ, મિલન ભાઈ, દિલીપસિંહ, મહિપાલસિંહ તથા પાલનપુર પૂર્વ પોસ્ટેના સ્ટાફ સાથે પાલનપુર ટાઉન વિસ્તારમાં વરલી મટકાની રેઈડ કરતાં અમરાભાઈ રાવતાભાઈ ઠાકોર રહે.પાલનપુર, સતિષભાઈ અર્જુનભાઈ બાવરી રહે. પાલનપુર, કાળુભાઈ બાબુભાઈ બાવરી રહે પાલનપુર, પરથીજી નાગરજી ઠાકોર રહે. પાલનપુરવાળાઓ પાસેથી રોકડ રૂપિયા ૧૨,૭૦૦ તથા મોબાઈલ નંગ ૨ કી.રૂ. ૧૦૦૦ તથા બોલપેન નંગ ૪ કી. રૂ.૪ તથા જુગારના સાહિત્ય સાથે એમ કુલ કી.રૂ ૧૩,૭૦૪/- નો મુદામાલ રાખી પોલીસ રેઈડ દરમ્યાન પકડાય જઈ સદરે વિરૂધ્ધ પાલનપુર પૂર્વ પો.સ્ટે. કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

## તંત્રી સ્થાનેથી ...

**મેઘાવી બુધ્ધિથી આપણને ધન, યશ અને સુખની પ્રાપ્તિ થાય છે.**

# લાલુપ્રસાદ યાદવ સામે હજુ ચાર કેસોની કાર્યવાહી થશે

રાજકીય સ્તરના કૌભાંડોમાં સરકારના અબજો રૂપિયા સલવાયા છે. જો કૌભાંડોના રૂપિયા એકત્ર કરવામાં આવે તો સરકારની ઘણી બધી યોજનાઓ સાકાર થઈ શકે. ત્યારે ૧૯૯૦ ના દાયકામાં ૯૫૦ કરોડ રૂપિયાનું ચારા કૌભાંડ થયું હતું. વળી આ કૌભાંડમાં બિહારના બે પૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રા અને લાલુપ્રસાદ યાદવ સહિત ટોચના કેટલાક સરકારી અધિકારીઓ પણ સંડોવાયેલા છે. જેથી આ કેસની ગંભીરતા વધુ વધી જવા પામી છે.

ચારા કૌભાંડના મૂળિયાં ૧૯૮૫ માં નાંખવામાં આવ્યા હોવાનું મનાય છે. જ્યારે તત્કાલીન કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ટી.એન. ચતુર્વેદીને બિહાર સરકારની તિજોરીમાં કોઈ મોટા ગોટાળાની ગંધ આવી હતી. જો કે કૌભાંડના તસ્કર પુરાવા છેક ૧૯૯૬ માં હાથ લાગ્યા હતા.

તપાસના પ્રારંભમાં અધિકારીઓને એવું લાગતું હતું કે, આ કૌભાંડમાં માત્ર પશુપાલન ખાતાના સામાન્ય દર્જાના અધિકારીઓ સંડોવાયેલા હશે! પરંતુ જેમ જેમ દસ્તાવેજો અભ્યાસ તેમજ સંશોધન શરૂ કરાતાં ખ્યાલ આવેલ કે બિહારના પૂર્વ બે મુખ્યમંત્રીઓ લાલુપ્રસાદ યાદવ અને તેમના પુરોગામી કોંગ્રેસના જગન્નાથ મિશ્રા સંડોવાયેલા છે. બાદમાં બીજા પંદર જેટલા અધિકારીઓના નામો બહાર આવ્યા હતા.

ઈ.સ. ૧૯૯૬ ના માર્ચમાં પટના હાઈકોર્ટના આદેશને પગલે સીબીઆઈને આ સમગ્ર કૌભાંડની તપાસ સોંપવામાં આવી હતી અને સીબીઆઈએ બિહારના તત્કાલીન ગવર્નર પાસે લાલુ પર ખટલો માંડવાની પરવાનગી માંગી હતી અને સીબીઆઈ દ્વારા ચારા કૌભાંડમાં કુલ ૬૬ કેસોની ફાઈલો તૈયાર કરવામાં આવી હતી. તે વખતે કુલ ૫૬ જેટલા આરોપીઓ હતો. કેમ કે આતો સરકારી તિજોરીમાં ઝાડુ મારવાનું હતું. રૂપિયા હાથમાં આવતા પશુપાલન વિભાગના ઘણા અધિકારીઓને જલસા જ પડી ગયા હતા.

ઈ.સ.૧૯૯૭ માં જુન માસમાં ચારા કૌભાંડ બાબતે સીબીઆઈ દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. તેને પગલે લાલુ પ્રસાદ યાદવને મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવાની ફરજ પડી હતી અને તેઓએ તેમની પત્નિ રાબડીદેવીને રસોડામાંથી સીધી મુખ્યમંત્રી બનાવી દીધી. જેઓ ચાર ચોપડી માંડ ભણ્યા હશે! પરંતુ રાજકારણમાં બધું ચાલે છે!

સરકારના કરોડો રૂપિયા હજમ કરી દેવા એ કંઈ સામાન્ય બાબત તો નથી જ. અને હજમ કર્યા હોય તો તેની સજા ભોગવવી જ પડતી હોય છે. અબોલ જીવોના ઘાસચારાના રૂપિયાનું કૌભાંડ આચરવું તે જ એક ભયાનક બાબત માની શકાય. બિહારમાં આવા તો અનેક કૌભાંડો આચરવામાં આવ્યા હશે. તેમાંથી માત્ર આ ચારા કૌભાંડ જ પ્રકાશમાં આવ્યું છે. ચારા કૌભાંડમાં લાલુપ્રસાદક યાદવ સામે છ કેસો કરવામાં આવ્યા હતા. તે પૈકી આર.સી.૨૦ નંબરના કેસનો ચુકાદો ૧૯૧૩ માં આવ્યો ત્યારે નીતિશકુમાર બિહારના મુખ્યમંત્રી હતા અને આ ચુકાદામાં બિહારના પૂર્વ મુખ્યપ્રધાનો લાલુ યાદવ તેમજ જગન્નાથ મિશ્રા સહિત ૪૪ જણાને ગુનેગાર ઠેરવવામાં આવ્યા હતા. એટલું જ નહિં પરંતુ લાલુ યાદવ અને જગન્નાથ મિશ્રાને ૬ વર્ષ સુધી ચૂંટણી લડવા માટે ગેરકાયક ઠેરવવામાં આવ્યા હતા. ત્યારે બીજા કેસનો ચુકાદો ગત શનિવારે આવ્યો હતો. જેમાં લાલુ યાદવને સાડા ત્રણ વર્ષની સજા ફરકાવામાં આવી છે. હજુ લાલુયાદવ સામે બીજા ચાર કેસોના ચૂકાદા આવવાના બાકી પડ્યા છે.. હવે જોવાનું એજ કે તે ચુકાદો શું આવે છે?

## આત્મચિંતન

# સત્ અને અસત્ નું અંતરે

દ્રષ્ટિ બે હોય છે- એક સત અને બીજી અસત સત દ્રષ્ટિ એ છે, જે ભાવનાઓમાં સુખઅદુઃખને સમજે છે અને પોતાની અંદર તથા બીજાઓથી સદભાવ વધારવામાં સુખ સંતોષ દેખે છે. અસત્ દ્રષ્ટિ એ છે, જે વસ્તુઓ, ધન, સૌદર્ય, વૈભવ, ભોગ, ઐશ્વર્યમાં આનંદ શોધે છે. જે વ્યક્તિની જે દ્રષ્ટિ હશે, તે તે જ આધાર પર ઈચ્છા, કલ્પના યોજના અને ક્રિયા કરશે. તે પ્રમાણે અભીષ્ટ વસ્તુઓ તેની યોગ્યતા અને કાર્યક્ષમતાના આધાર પર પ્રાપ્ત થતી જશે. બે દિશાઓમાં જનાર રેલ્વેના પાટા જ્યાં મળે છે, ત્યાં થોડીક વળાંક અને થોડુંક અંતર હોય છે પરંતુ આ થોડા અંતરને કારણે એક ટ્રેન કલકત્તા પહોંચી જાય છે અને બીજી ટ્રેન મુંબઈ બંને કાર્ય અને પરિણામમાં સેંકડો માઈકલનું અંતર પડી જાય છે. દ્રષ્ટિકોણમાં સત અથવા અસત થવાથી થોડું અંતર એક વ્યક્તિને મહાપુરૂષ બનાવી દે છે અને બીજાને ઘૃણિત પાપીના રૂપમાં લઈ જાય છે

ઉચ્ચકોટિની સદભાવનાને કારણે એક દુર્બળ કાયા, હીન પ્રતિભા અને અલ્પ વિદ્યાવાળા મનુષ્ય મહાત્મા ગાંધી બની જાય છે, બીજી તરફ ક્યારેક ક્યારેક પોતાની પ્રતિભા, વિદ્યા અને સામર્થ્યથી બીજાને અંચબામાં નાંખનારા વ્યક્તિઓ નરપિશાચ બની જાય છે. અંતઃલક્ષ્યની થોડીક હેરફેર શરીર,પ્રાણ અને મનની ઈચ્છાઓ અને ચેષ્ટાઓ આશ્ચર્યજનક પરિવર્તન કરી શકે છે.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# રાણી પદમાવતીની કથા-અભિવ્યકિત સ્વાતંત્ર્ય કે સ્વચ્છંદતા ?



રાણી પદ્માવતી ફિલ્મ અંગે દેશમાં વિવાદ શરૂ થયો છે. એક તરફ કલા જગતના માંધાતાઓ છે, જે અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય, કલા સ્વાતંત્ર્ય વિગેરેને નામે પોતાની વાતને યથાર્થ ઠેરવી રહ્યા છે. બીજી તરફ ભારતીય સંસ્કૃતિના આદર્શ ચરિત્રને શ્રદ્ધાપૂર્વક પૂજતાં કે માનતાં લોક હૈયાં છે. આ બન્નેમાં સત્ય શું છે ?

રાણી પદ્માવતીની કથા રસપ્રદ છે. લગભગ સાતસો વર્ષથી આ કથા જન માનસ સાથે જોડાયેલી છે. વર્ષો પહેલાં આ વાર્તા મારા વિદ્યાર્થીઓને ઘણીવાર કહેતો. લોકવાર્તા તરી-કે પણ આ વાર્તા લખવાનું બનેલું. ટુંકમાં વાર્તા આ પ્રમાણે છે. રાણી પદ્માવતી ચિત્તોડના રાણા રતનસિંહની રાણી હતી. કહેવાય છે કે એ યુગની એ સર્વશ્રેષ્ઠ સુંદરી હતી. તેના રૂપની કથાઓ ચોતરફ પ્રસરી હતી. દિલ્હીના દરબારમાં પણ આ વાત પહોંચી. એ સમયે દિલ્હીની ગાદી ઉપર ખૂની બાદશાહ અલ્લાઉદ્દીન ખીલજી હતો. તુર્ક સલ્તનતની સ્થાપના પછી સૌથી વધુ ક્રૂર અને આપખુદ શાસક અલ્લાઉદ્દીન ખીલજી પોતાના સગા કાકા જલાલુદ્દીન ખીલજીની પીઠમાં ખંજર મારીને તેમની હત્યા કરી દિલ્હીની ગાદી ઉપર આવ્યો હતો. તેણે હજારો હિંદુઓની કતલ કરી હતી. તે ઘાતકી હતો, તેથી ખૂની તરીકે ઓળખાતો હતો. એના જનાનામાં સેંકડો બેગમો હતી. રૂપઘેલા આ બાદશાહે અનેક સ્ત્રીઓનાં શિયળ લૂંટયાં હતાં. પરંતુ એ જમાનો માત્ર રાજાઓના ગુણગાનનો હતો. સામાન્ય પ્રજાની પીડા કે વ્યથાની કોઈ કિંમત ન હતી. એટલે ઈતિહાસમાં હજારો સ્ત્રીઓની ચીસ નોંધાઈ નથી. પણ તેણે ત્રણ રાણીઓના સૌદર્યને પ્રાપ્ત કરવા ખૂની ખેલ ખેલેલા. જેમાં પાટણના રાજા કરણ વાઘેલાની રાણી કૌલાદેવી, સિંઘના સુમરાની બેગમ અને ચિત્તોડના રાણા રતનસિંહની રાણી પદ્માવતી. આ ત્રણે રાણીઓને મેળવવા માટે તેણે હુમલો કરેલો. પાટણને પાડીને પાધર બનાવ્યું. પહેલીવાર ગુજરાતમાં તુર્ક સલ્તન સ્થપાઈ (ઈ.સ. ૧૩૦૩) પાટણના રાજા કરણ વાઘેલાની રાણી કૌલાદેવીને દિલ્હી લઈ જઈ પોતાની બેગમ બનાવી. રાન રાન રખડતા કરણ વાઘેલાની કુંવરી દેવલદેને પણ એ દિલ્હી લઈ ગયો. દેવલદે સાથે પણ તેને નિકાહ પઢવા હતા. પરંતુ રાણી કૌલાદેવીએ સખત વિરોધ કર્યો. પોતાની દીકરી એ બાદશાહની પણ પુત્રી ગણાય. છેવટે દેવલદેને અલ્લાઉદ્દીન ખીલજીના શાહજાદા ખીજરખાઁ સાથે પરણાવવામાં આવી આ દેવલદેવીના બેનમૂન સૌદર્યનું વર્ણન પ્રસિદ્ધ શાયર અમીર ખુશરોએ એક કાવ્યમાં કર્યું છે. અલ્લાઉદ્દીન ખીલજીએ સિંઘના સુમરાને ખતમ કર્યો. સુમરાની સ્વર્ગની અપ્સરા જેવી બેગમે આત્મહત્યા કરી એ એના હાથમાં ના આવી.

ચિત્તોડના રાણા રતનસિંહની રાણી પદ્માવતી શ્રીલંકાના રાજાની કુંવરી હતી તેવી એક માન્યતા છે. સ્વર્ગમાંથી સાક્ષાત્ ઉતરેલી અપ્સરા જેવી પદ્માવતીના રૂપનું વર્ણન જાયસી નામના કવિએ કર્યું છે. કહે છે કે એ પાણી પીતી ત્યારે ગળામાંથી ઉતરતું પાણી દેખી શકાતું. એના દર્પણ જેવા નખમાં જોનારાનું પ્રતિબિંબ પડતું. પદ્માવતીને મેળવવા અલ્લાઉદ્દીને એક લાખનું લશ્કર ચિત્તોડ પર ઉતાર્યું હતું. ચિત્તોડના રાણાએ દરવાજા બંધ કર્યા. ગઢ ઉપરથી લડાઈ ચાલતી રહી. બાર-બાર વર્ષ સુધી લડાઈ ચાલી, પણ ચિત્તોડે મચક ના આપી. છેવટે અલ્લાઉદ્દીન ખીલજીએ પોતાની ચાલ બદલી. સંધિનો પ્રસ્તાવ મોકલ્યો અને તેમાં જણાવ્યું કે જો એને એકવાર પદ્માવતીનું મોં જોવા મળે તો એ એના દિદાર કરીને ઘેરો ઊઠાવી લેશે. સિસોદિયા વંશના અટંકી રાજપૂતો એ માટે પણ તૈયાર ન હતા. જોકે ચિત્તોડ ગઢમાં અનાજ પાણી ખૂટી રહ્યાં હતાં. બહારથી અનાજ પાણી આવવાનું બંધ થઈ ગયું હતું. છેવટે એવો ઉકેલ કાઢવામાં આવ્યો કે રાણી પદ્માવતી દર્પણની સામે આવે. અલ્લાઉદ્દીન દર્પણમાં રાણી પદ્માવતીની ઝલક જોઈ શકે. અલ્લાઉદ્દીન એ માટે પણ તૈયાર થયો. અરીસામાં રાણી પદ્માવતીને જોતાંજ અલ્લાઉદ્દીન ખીલજી તાજુબ થઈ ગયો.'યા અલ્લાહ ! હુશ્ન ખુદ જર્મી પર ઔરત બનીને આવ્યું છે. જન્નતની હૂર છે આ !'

અલ્લાઉદ્દીને વિચાર કર્યો કે પદમાવતી માટે આખા હિન્દુસ્તાનનું તખ્ત પણ ગુમાવવું પડે તો કબૂલ છે. પણ એને આ જોઈને સંતોષ થયો હોય, તેમ તેણે રાણા રતનસિંહને પોતાની છાવણીમાં મહેમાન નવાજી માટે નિમંત્ર્યા. થોડા સૈનિકો સાથે રાણા રતનસિંહ બહાર રહેલી અલ્લાઉદ્દીનની યુદ્ધ છાવણીમાં ગયા. ત્યાં અલ્લાઉદ્દીને તેમને

**અમૃત ધારા** – કનુભાઇ આચાર્ય

બંદી બનાવી દીધા.ને ચિત્તોડમાં કહેણ મોકલ્યું કે જો રાણા રતનસિંહને મુક્ત કરાવવા હોય તો રાણી પદમાવતી સ્વયં બહાર છાવણીમાં આવે. રાણી પદ્માવતીએ ભાયાતો સાથે વિચાર વિમર્શ કર્યો અને સો દાસીઓ સાથે પાલખીમાં બેસીને આવી. પોતે અલ્લાઉદ્દીન ખીલજી સાથે નિકાહ પઢવા તૈયાર છે. પણ એ પહેલાં તે એકાંતમાં રાણા રતનસિંહની સાથે ચર્ચા કરવા માગે છે. અલ્લાઉદ્દીને બધી શરતો મંજૂર કરી. બંદીવાન રાણા રતનસિંહને પદ્માવતી મળી. પાલખીમાં દાસીઓના વેશમાં આવેલા સૈનિકોએ છાવણીની બહાર રહેલા પહેરેદારોની કતલ કરી નાખી અને રાણી પદ્માવતી અને રાણા રતનસિંહ બન્ને ત્યાંથી ભાગીને પાછા ચિત્તોડગઢમાં દાખલ થઈ ગયા. અલ્લાઉદ્દીનને ખબર પડતાં જ એ કાળઝાળ થઈ ગયો. ફરી એણે ચિત્તોડગઢ ઉપર હૂમલો કર્યો. અનાજ પાણી ખૂટવાથી ભૂખે મરવા કરતાં રાજપૂતોએ કેશરિયાં કરવાં અને રાજપૂતાણીઓએ જૌહર કરવું, તેવું નક્કી થયું. પદ્માવતીના મહેલની આગળ ચિત્તા ખડકવામાં આવી, જ્યાં હજારો રાજપૂતાણીઓએ ચિંતામાં કૂદી પડીને જૌહર કર્યું. રાજપૂતાણીઓની રાખને કેશરી પાઘડીને છેડે બાંધી હજારો સિસોદિયાઓએ ચિત્તોડગઢના દરવાજા ખોલીને કેશરિયાં કર્યા. બધા જ રાજપૂતો શૌર્યથી લડયા. અલ્લાઉદ્દીન ખીલજીની ફોજના પચાસ હજાર જેટલા ફૌજીઓને મારી નાખીને એ બધા રણમાં પોઢયા. ભારતના ઈતિહાસનું આ સૌથી મોટું જૌહર ગણાય છે. જેમાં વીસેક હજાર જેટલી રાજપૂતાણીઓ સતી થઈ હતી. ચિત્તોડગઢ જોવા જનાર પ્રવાસીને ગાઈડ રાણી પદ્માવતીનો મહેલ અને જૌહર ચોક બતાવે છે.

ચારણ-ગઢવી અને બારોટો આ કથા લોકો પાસે કહે છે. આ કથા ઉપરથી સંજય લીલા ભણશાલીએ ફિલ્મ બનાવી છે. આ ફિલ્મમાં તેણે અનેક પ્રકારની છૂટછાટ લીધી છે. જેમાં રાણી પદ્માવતીને હલકા પ્રકારનું નૃત્ય કરતી બતાવી છે. ફિલ્મની હીરોઈનો ટૂંકાં વસ્ત્રો પહેરીને કેબરે પ્રકારના ડાન્સ કરે, તેવા ડાન્સમાં અને અર્ધનગ્ન પોશાકમાં પદ્માવતીને બતાવવામાં આવી છે; તેવું જાણવા મળે છે. (ફિલ્મ રજૂ નથી થઈ પણ આવી ચર્ચા બહાર આવી છે.) જે પોતાનું મોં પણ અલ્લાઉદ્દીનને બતાવવા તૈયાર નથી એને આવું નૃત્ય કરતી બતાવવી એ અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય છે ?કલાનું વાસ્તવ અને યથાર્થનું વાસ્તવ બન્ને જુદાં હોય છે. પણ કલાનું વાસ્તવ સાચા ચરિત્રને આ હદે વિકૃત બનાવે તો એ કેટલું યોગ્ય છે ?

આજકાલ ફિલ્મો બનાવતા દિગ્દર્શકો સાચા ચરિત્ર ઉપર ફિલ્મ બનાવે છે, પછી 'ડિસ્કલ્પે પર' મૂકી દે છે. 'ફિલ્મના પાત્રો, પ્રસંગો, સ્થળ બધું કાલ્પનિક છે. કોઈ તેને અંગત માની લે તો અમારો દોષ કે તે માટેનો ઈરાદો નથી' બસ ડિસ્કલ્પે પર મૂકયું એટલે વ્યક્તિ, પ્રસંગ કે ઈતિહાસને ગમે તેમ વિકૃત બનાવવાની છૂટ મળી જાય છે ? જો ફિલ્મના પાત્રો, પ્રસંગ, સ્થળ બધું કાલ્પનિક છે તો પછી ચિત્તોડની કથા કેમ લીધી ? પદ્માવતી નામ કેમ રાખ્યું. ? અલ્લાઉદ્દીન ખીલજીએ ચિત્તોડ પર કરેલા આક્રમણને કેમ લીધું ? આજે પણ રાજપૂત સમાજમાં ઘણા ઘરોમાં સ્ત્રીની પાની પણ ન જોઈ શકાય તેવી ચૂસ્ત પરદા પ્રથા છે. લોકવાર્તાઓના સંશોધન માટે અનેક રાજા-દરબારોના મહેલમાં જવાનું બન્યું છે. ત્યાં મેં નિહાળ્યું છે. ભારતીય જૌહરનો સૌથી મોટો આદર્શ પદ્માવતીને સાવ નીચી કક્ષાની તવાયફ જેવી ચીતરવામાં આવે તે કેટલું યોગ્ય છે ? જૌહર કરવું કે સતી થવું એ ધર્મ ન હતો, તેવી દલીલ કરતા ચોખલિયા જણને પૂછવું છે કે રાજાની રાણીઓ પણ જયારે સુરક્ષિત ન હતી, ત્યારે તુર્ક સલ્તનતના એ સમયમાં સ્ત્રીઓની કેટલી અવદશા થતી હશે ? મહંમદ ગઝની ઈ.સ.૧૦૫૦ થી આ અત્યાચાર શરૂ થયો. તુર્ક સલ્તનત પછી ૧૫૨૬માં મોગલવંશની સત્તા શરૂ થઈ, જે ઈ.સ.૧૮૫૭ સુધી ચાલી. અનેક આક્રાંતાઓએ ધન-સંપત્તિ લૂંટીને સ્ત્રીઓ પર જુલ્મો કર્યા. કામવાસનાથી ભરેલા વિકૃત રાક્ષસોના હાથે ચૂંથાવા કરતાં બળી મરવું કે આત્મહત્યા કરવી તે વધારે સારો વિકલ્પ હતો. તેમ માનીને આ દેશની લાખો સ્ત્રીઓ બળી મરી છે. કૂવે પડી છે... પેટમાં કટાર ખાઈને મરી છે કે પછી જીભ કચડીને ખતમ થઈ ગઈ છે. આ આંસુની કથા કોઈએ લખી નથી. કારણ કે ઈતિહાસના જખ્મો ખોલવામાં કોઈને રસ નથી. રાજાઓને ભગવાન સમજીને એનો જ ઈતિહાસ લખતા ઈતિહાસ કારોએ કયારેય સામાન્ય માણસના જુલ્મની કથા લખી નથી. શિયળ બચાવવા માટે આત્મહત્યા કરતી સ્ત્રીને ભારતીય સમાજે સતી કહી. જોકે પછી એ રિવાજ થયો ને એમાં પણ દૂષણો પ્રવેશ્યાં એ અલગ વાત છે.

હવે દિગદર્શક તરફથી જુદા જુદા બચાવો કરવામાં આવી રહ્યા છે કે રતનસિંહ નામનો રાજા જ ચિત્તોડમાં થયો નથી. પદમાવતીની કથા જાયસી નામના કવિએ લખી છે. જે એક ફિકશન છે. ઈ.સ. પંદરમી સદીમાં આ કથા લખાઈ હતી. જે ઘટનાના બસો વર્ષ પછી લખાઈ છે વિગેરે....વિગેરે

જો કથા કાલ્પનિક છે, તો પછી એજ નામ રાખવાની કયાં જરૂર હતી ? રાણી, રાજા, ચિત્તોડ, દિલ્હી, અલ્લાઉદ્દીન ખીલજી બધાં નામ બદલી નાખવા હતાંને ? સંજય લીલા ભણશાળી અભિવ્યક્તિ સ્વાતંત્ર્યને નજરમાં રાખીને આવી ફિલ્મો નથી બનાવતા તે જાણી જોઈને વિવાદ જગવતી ફિલ્મો બનાવે છે. વિવાદ ના હોય તો ઊભા કરે છે. એવાં દશ્યો મૂકે છે કે જે હોબાળો ઊભો કરે. પદમાવતી અલ્લાઉદ્દીનને પ્રેમ કરે છે એવો સીન બતાવે અને પછી કહે કે તે તો અલ્લાઉદ્દીનના સપનામાં આ દશ્ય ઘટે છે. અથવા પદમાવતી સપનામાં આવો પ્રેમ કરે છે. જે સ્વપ્ને ય પરપુરુષનો વિચાર પણ ના કરે એવી સ્ત્રીને સપનામાં પ્રેમ કરતી બતાવાય ? તે કેટલે અંશે યોગ્ય છે ? આપણા ગૌરવ કે શ્રદ્ધા પર હુમલો કરવાની ફોર્મ્યુલા જ કેમ ? 'ફાયર' નામની એક ફિલ્મમાં બે સજાતીય સંબંધ ધરાવતી યુવતીઓની વાત છે. તેમના નામ 'રાધા' અને 'સીતા' જ કેમ ? આપણી લાગણી દુભાવવાનો આ હેતુપૂર્વકનો પ્રયાસ છે. અભિવ્યક્તિ સ્વાતંત્ર્યને નામે આવા સ્ટંટ થાય પછી જે તે ફિલ્મની આંતરાષ્ટ્રીય ચર્ચા થાય અને ફિલ્મને અઢળક કમાણી થાય. ફિલ્મ જેટલી મોડી રિલીઝ થાય તેટલી પબ્લિસીટી વધુ થાય. માની લો કે વિવાદીત દશ્યો કાપી લેવામાં આવે તો પણ બધા જોવા જવાના જ કારણ કે બધાની કુતૂહલ વૃત્તિ ઉશ્કેરાશે અને દિગ્દર્શક તેવું ઈચ્છે છે. આવી હલકી માનસિકતાને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય ના કહેવાય. સંજય ભણશાળી દિગ્દર્શક તરીકે ઉત્તમ હોય પણ માણસ તરીકે તે પૈસા રળવા માટે ગમે તે કરી શકે ? એની કલા આવકાર્ય છે. પણ હલકી મનોવૃત્તિની રીતે આવકાર્ય નથી. આ ફિલ્મ થિયેટરમાં લાગે તો પણ જોવા ન જઈને આપણે એના બીઝનેશના સ્ટંટને નકારી શકીએ.

# 'ગાંધી ગોઈંગ ગ્લોબલ' ઝૂંબેશ દ્વારા વિદેશમાં ગાંધીવાદનો પ્રસાર કરાશે



અમદાવાદ

ગાંધીવાદી વિચારધારાની પ્રચાર માટે ગાંધીયન સોસાયટી, અમેરિકા દ્વારા તા.૧૮-૧૯, ૨૦૧૮ના રોજ ન્યૂ જર્સી કન્વેશન એન્ડ એક્સપોઝીશન સેન્ટર ખાતે પ્રદર્શન અને કાર્યક્રમનું આયોજન કરાયું છે. 'ગાંધી ગોઈંગ ગ્લોબલ- છ con-cept...A celebration...A commitment' વિષયે બે વર્ષ સુધી ઝૂંબેશ ચલાવવામાં આવશે. આ ઝૂંબેશનો પ્રારંભ તા.૨ ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ ગાંધી જયંતિના દિને કરાયો હતો અને ૨૦૧૯માં આવનાર ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ દિને તેનું સમાપન થશે. 'ગાંધી ગોઈંગ ગ્લોબલ' ઝૂંબેશમાં આધુનિક સમયમાં ગાંધીજીના વિચારોનું વર્તમાન સમયમાં સુસંગતતા સમજાવીને તેના પ્રચાર કાર્યક્રમો યોજાશે. આવા કાર્યક્રમો પાયાના સ્તરે શરૂ કરીને શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ અને વ્યાપક જનસમુદાય સુધી પહોંચાડીને લોકોને તેના અભ્યાસમાં સામેલ કરવા પ્રયાસ કરાશે.

# જો હું એક્ટર બન્યો હોત તો ક્રિકેટર હોતઃ આસીફ શેખ

આસીફ શેખ શ્ફપર અત્યંત લોકપ્રિય શો ભાભીજી ઘર પર હૈમાં વિભૂતિની ભૂમિકાથી દર્શકોને મોહિત કરી રહ્યો છે. આ પીઢ અભિનેતામાં અમુક બાબતો એવી છે જે ભાગ્યે જ કોઈને જાણકારી છે. તે અત્યંત મહેનતુ એક્ટર તો છે જ અને તેની અભિનય કુશળતાને વ્યાપક રીતે સરાહના મળી રહી છે, પરંતુ તે અત્યંત સારો ક્રિકેટર પણ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે આસીફને ક્રિકેટ રમવાનું બહુ ગમે છે. તેના પિતા ભારતીય રેલવેમાં કામ કરતા હતા અને આસીફના ઘરની સામે જ મોટું ક્રિકેટનું મેદાન હતું, જયાંથી તેણે સૌપ્રથમ ક્રિકેટ રમવાની શરૂઆત કરી હતી. આસીફ ૬ઠ્ઠા ધોરણમાં હતો ત્યારથી તેને ક્રિકેટમાં રસ જાગ્યો હતો.



# વધુ એક અસલ જીવનનું યુગલ રવીશ દેસાઈ અને મુગ્ધા ચાફેકર રીલ લાઈફમાં એકબીજા સાથે રોમાન્સ કરશે!



અત્યંત લોકપ્રિય ટેલિવિઝન જોડીમાંથી એક રવીશ દેસાઈ અને મુગ્ધા ચાફેકરે તેમને છેલ્લા શોમાં તેમની ઉત્તમ કેમિસ્ટ્રી સાથે દર્શકોને મોહિત કર્યા પછી હવે તેઓ બિગ મેજિક પર કુંવારા હૈ પર હમારા હૈમાં એકત્ર જોવા મળવાનાં છે. દેખીતી રીતે જ ચાહકો માટે જલસો રહેશે, કારણ કે અસલ જીવનનું આ કપલ હવે રીલ લાઈફમાં રોમાન્સ કરતું જોવા મળવાનું છે.

નિર્માણ ગૃહનાં નિકટવર્તી સૂત્રોએ અમને આ પ્રગતિ વિશે જણાવ્યું કે, હા, અમે મુગ્ધા ચાફેકરને શોમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માટે લઈ લીધી છે. તે માનવ ઉર્ફે રવીશ દેસાઈની સામે જોવા મળશે. તે ઊર્મીની ભૂમિકા ભજવશે, જે વારતામાં નવો વળાંક લાવશે.

આ વિશે અભિનેત્રીનો અમે સંપર્ક કરતાં તેમણે કહ્યું, રવીશ સાથે લગ્ન પછી પહેલી વાર અમે એક શોમાં એકત્ર આવી રહ્યાં છીએ. નવા વર્ષની આથી સારી શરૂઆત કોઈ હોઈ નહી શકે.

# ગ્રીવ્ઝ કોટન ભારતમાં ખેતી યંત્રણાને ગતિ આપવા માટે ટેકનોલોજી અને આરએન્ડડીમાં રોકાણ કરશે

જાન્યુઆરી

ભારતમાં અગ્રણી એન્જિનિયરિંગ કંપનીમાંથી એક ગ્રીવ્ઝ કોટન દ્વારા આજે ભારતમાં વૃદ્ધિ પામતા ખેતી ક્ષેત્રને ટેકો આપવા માટે આરએન્ડડી, પ્લાન્ટ અને લોકોમાં રોકાણ સાથે ખેતી ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરવાની જાહેરાત કરવામાં આવી છે. તેની દીર્ઘ ગાળાની ડાઈવર્સિફિકેશન વ્યૂહરચનાના ભાગરૂપ ગ્રીવ્ઝ કોટને તેની ખેતી ઉપકરણ વિભાગ હેઠળ નવું સ્થાનિક ઉત્પાદન કરાયેલું પાવર ટિલર રજૂ કર્યાની જાહેરાત કરી છે. ભારતમાં ખેતી ઉત્પાદકતા વધારવા માટે નોંધનીય અવકાશ હોવાથી ગ્રીવ્ઝ અગ્રી ખેતીવાડી માટે યંત્રણા વધારવા અને માનવી શ્રમિકો પર નિર્ભરતા ઓછી કરવાનું લક્ષ્ય રાખ્યું છે, જેને ધ્યાનમાં રાખીને ખેતીવાડી ઉપકરણ અને પાવર ટિલર્સના તેના મજબૂત પોર્ટફોલિયોમાં નવો ઉમેરો બાહુબલિ રજૂ કર્યું છે.

# આઈવૂમી ઈન્ડિયાએ નવા ફલેગશિપ સ્માર્ટ ફોનની સીરીઝ લોન્ચ કરી, ફીચર્સમાં આઈ ૧ અને આઈ ૧ એસની સુવિદ્યા પણ પૂરા વ્યુની સાથે ઉપલબ્ધ

ચીનની પ્રમુખ ઈલેક્ટ્રોનિક કંપની આઈવૂમીને પોતાના ફલેગશિપ સ્માર્ટફોન, આઈ ૧ અને આઈ ૧ એસ લોન્ચ કર્યા. આમાં યૂઝર્સને પુરો વ્યુ તો મળશે જ .તેની સાથે જ વન ટચ ફિંગરપ્રિન્ટ સેંસર, ડ્યુલ રિયર કેમેરા અને બેહતરીન ડિજાઈન છે, જેનાથી સુંદરતા અને ક્લાસની સાથે યૂજરને હાઈ પરફોર્મેન્સ અને ક્ષમતા પણ મળે છે. આ પ્રોડક્ટ્સની પહેલી ફલેશ સેલ ૧૦ જાન્યુઆરી ૨૦૧૮એ ભારતના નંબર ૧ ઈ-કોમર્સ પોર્ટલ ફિલપકાર્ટ પર ચાલુ થઈ જશે. કિફાયતી સેંગમેન્ટમાં બધા જ ફીચર્સથી લૈસ આઈ ૧ અને આઈ ૧ એસ ક્રમશઃ ૨ જીબી રેમ + ૧૬ જીબી રોમ અને ૩ જીબી રેમ + ૩૨ જીબી રોમની સાથે મળે છે. માઈક્રો એસડી કાર્ડના માધ્યમથી ફોનની મેમોરી ૧૨૮ જીબી સુધી વધારી શકાય છે. આ સ્માર્ટફોનને ૪ જી વીઓએલ એટીઈનો સપોર્ટ મળે છે, જેની પાવર ક્ષમતા બહુ જ વધારે છે. બંને ડિવાઈસ ૩૦૦૦ એમએએચ બેટરીથી લૈસ છે અને ૫.૪૫ ઈંચ ( ૧૩.૮૪ સેમી) એચડી ઈનફિનિટી એજ ડિસ્પલે ( ૧૮ : ૯ સ્ક્રીન અનુપાત ) ની સ્ક્રીન સાઈડની સાથે એન્ડ્રોઈડ ૭.૦ નોગીટ પર સંચાલિત હોય છે.



# બિગ બોસ હાઉસમાં નો મોર લવ!

અઠવાડિયાઓ સુધી દેશને આંચકો આપતા રહ્યાં અને મજબૂત પ્રતિસ્પર્ધીઓ અને જાણિતી સેલિબ્રિટિઝ સામે પોતાને બચાવતા આવ્યાં પછી, લવ ત્યાગી છેવટે બિગ બોસ ૧૧ હાઉસમાંથી બહાર થાય છે. ઈ વિ ક શ ન ની પેટર્નમાં વળાંકે, કમભાગ્યે લવના એલિમિનેશનમાં બચી જવાના લકી સ્ટ્રીકને તોડી દે છે! નેક ટુ નેક ગણતરીમાં, લવ પોતાના કટ્ટર વિરોધી વિકાસ ગુપ્તા સામે નજીવા ઘડ વોટથી હારી જાય છે! લવ ત્યાગીએ પોતાની બિગ બોસ- ૧૧ની મુસાફરી એક પડોશી તરીકે શરૂ કરી હતી અને ઘરવાસીઓને ટ્રબલ કરવાના ટાસ્કમાં પરફેકટ નીવડયા. જયારે એના સાથી ઘરવાસીઓ લુસિન્ડા, સબ્યસાચી અને મેહજબીન ખૂબ જ જલ્દી બહાર થઈ ગયા હતાં, લવ પોતાના પત્તાં સારી રીતે રમી ગયો અને છેક સેમી–ફાઈનલ્સ સુધી પહોંચી ગયો. બિગ બોસ- ૧૧ હાઉસમાં પ્રવેશ કર્યે, લવે ઘરવાસીઓ સાથે કોઈક જોડાણ કરવા સંઘર્ષ કરવો પડયો ઘટનાક્રમે તેના માટે મુશ્કેલીજનક પરિસ્થિતિ ઓ સર્જાઈ.



# પાલવના પડછાયા

નારી જગત માટે ઉપયોગી અને સમૃદ્ધ, માર્ગદર્શક માહિતી...




## રાજસ્થાની બેસનવાળા મરચા....

રસોઈનો સ્વાદ વધારવા માટે તેની સાથે પીરસો ચટપટી રાજસ્થાની બેસનવાળા મરચા... જાણો તેની રેસીપી જરૂરી સામગ્રી - ૮ લીલા મરચા, એક મોટી ચમચી બેસન, અડધી ચમચી હળદર, એક નાની ચમચી ધાણાજીરુ, એક નાની ચમચી આમચૂર પાવડર, એક નાની ચમચી વરિયાળી વાટેલી, ચપટી હિંગ, અડધી ચમચી જીરુ, અડધી ચમચી રાઈ, સ્વાદમુજબ મીઠુ.

એક મોટી ચમચી સરસવનું તેલ : બનાવવાની રીત - લીલા મરચાને ધોઈને તેના દીઠા કાઢી લો. હવે મરચાને સમારી લો. ગેસ પર કઢાઈ ગરમ કરવા મુકો. તેમા બેસન નાખીને સાધારણ બ્રાઉન રંગમાં સેકી લો. બેસન ચમચીથી હલાવતા રહો જેથી બળી ન જાય. બેસનને પ્લેટમાં કાઢી લો. પછી કઢાઈમાં તેલ નાખીને ગરમ કરો. પછી તેમા તેલ, જીરુ, રાઈ અને હિંગ નાખો. જ્યારે રાઈ અને જીરુ તતડે ત્યારે તેમા ધાણાજીરુ, હળદર, આમચૂર પાવડર, વાટેલી વરિયાળી, લીલા મરચા અને મીઠુ નાખીને સારી રીતે મિક્સ કરો. ત્યારબાદ મરચાનાં મિક્સરમાં એક મોટી ચમચી પાણી નાખો અને મરચા ઢાંકીને સીઝવા દો. ૨ મિનિટ પછી તેમા સેકેલુ બેસન નાખીને હલાવો અને ૨ મિનિટ થવા દો પછી ગેસ બંધ કરી દો. તૈયાર છે રાજસ્થાની બેસનવાળા મરચાં. હવે આને ગમે ત્યારે ખાઈ શકો છો.



# છૂટાછેડાથી બચવા માટેની કેટલીક મહત્વપૂર્ણ ટિપ્સ

**નારી ચેતના**

તમે કેવી રીતે તમારા સંબંધને લાંબા સમય સુધી ટકાવી રાખશો તે અંગેના કેટલાક ઉપાયો હાઈ પ્રોફાઈલ નિષ્ણાંતો દ્વારા વ્યક્ત કરાયા છે તમને સાંભળીને કદાચ નવાઈ લાગશે કે બિલાડી ઉંદર સાથે મિત્ર કરી લે અથવા વાઘ કે સિંહ ઘાસ ખાવા લાગે તો. આવુ જ કંઈક કરી રહી છે એક હાઈ પ્રોફાઈલ ડાયવોર્સ વકિલ જેનેટ ક્લેઝ અને હિલેરી બ્રાઉન વિલ્કિનશનની જોડી. વર્ષો સુધી પોતાના પ્રોફેશનમાં રહેતા તેમણે ઘણા કડવા સંબંધોનો અંત થતા જોયા છે. પરંતુ હવે તે પોતાના વર્ષોના અનુભવને લોકોના સંબંધોને બચાવવાના કામમાં લગાવી રહ્યા છે.તો તમે કેવી રીતે તમારા સંબંધને લાંબા સમય સુધી ટકાવી રાખશો તે અંગેની કેટલીક ટીપ્સ નીચે મુજબ છે. માફી માંગવી છે જરૂરી

લગ્ન અને પ્રેમના મામલામાં સામાન્ય રીતે એવુ જોવા મળે છે કે લોકો ઈગોમાં આવીને કેટલાક એવા નિર્ણય લઈ લેતા હોય છે જે સંબંધમાં કડવાશ ઉત્પન્ન કરે છે.

એટલે હંમેશા પોતાની ભુલને સ્વિકારતા શીખવુ જોઈએ અને જો તમને લાગે કે તમારા માફી માંગવાથી બધુ વ્યવસ્થિત થઈ શકતુ હોય તો તમારે માફી માંગીને સામેવાળી વ્યક્તિને મનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. સમયની કિંમતને ઓળખો કોઈપણ સંબંધને જિંદગીભર સુધી સાચવવા માટે તેને સમય આપવો ખૂબ જ જરુરી છે. હંમેશા પોતાના પાર્ટનરને કરેલ વાયદાને નિભાવવાની આદત પાડો અને તેને પોતાનો કીમતી સમય પણ આપવાનું રાખો. જો તમને ક્યારેક ઓફિસના કામકાજમાં કે અન્ય કામકાજમાં મોડુ થઈ જાય તો પહેલાથી જ તેને આ અંગેની સૂચના પણ આપી દો. એકબીજાની વાતને સમજવાનો પ્રયત્ન કરો વાતચીત દરમિયાન ચરસાચરસી થવી એ દરેક કપલ વચ્ચે સામાન્ય વાત હોય છે, પરંતુ ક્યારેક બન્ને વચ્ચેના વિચારોમાં અંતર જોવા મળતુ હોય છે જેના કારણે બન્ને લોકો વચ્ચે મતભેદ સર્જાતા હોય છે, પરંતુ આવી સ્થિતિમાં આપણે આપણી વાતને મુકી દઈ સામેવાળી વ્યક્તિને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ અને જો તમારી વાત સાચી છે તો તેને શાંતિથી અને પ્રેમથી વાત સમજાવવી જોઈએ નહીં કે ગુસ્સે થઈને.

લાઈફને ગ્રાંટેડ ન લો મોટાભાગે બન્ને પાર્ટનરો વચ્ચે તેમના આંતરીક સંબંધોના કારણે પણ સંબંધોમાં દરાર પડવાની શક્યતા રહેતી હોય છે, પોતાના સંબંધને હંમેશા પ્રથમ પ્રાથમિક્તા આપવી જરૂરી છે અને સારી લાઈફ તમારા સંબંધને વધુ મજબૂત કરવાનુ કામ કરે છે. વિશ્વાસ એ દરેક સંબંધમાં જરૂરી છે દરેક વખતે પોતાના પાર્ટનર પર શક કરવો એ સારી બાબત નથી અને ના તો તેમના પર અંધવિશ્વાસ પણ મૂકવો જોઈએ. એક બેલેન્સ્ડ સંબંધમાં આ બન્ને વાતને ધ્યાનમાં રાખવી જરુરી છે.

# શિયાળામાં તમે નાના બાળકની સ્કિનનું ધ્યાન કઇ રીતે રાખશો ?

**બાળ ઉછેર**

શિયાળામાં આપણે જે રીતે આપણી પોતાની સ્કીનની જાળવણી કરીએ છીએ તે જ રીતે આપણા બાળકોના સ્કીનની કાળજી પણ જરૂરી છે કારણ કે આ સીઝનમાં તેમની સ્કિન આપણા કરતાં વધારે ડ્રાય થઈ જાય છે. તેમની સ્કિન એટલી સેન્સિટિવ હોય છે કે એ માટે જેવી તેવી ક્રીમ કે લોશન પણ વાપરી શકતા નથી. અત્રે બાળકોની સ્કિનની શિયાળામાં કઈ રીતે સંભાળ લેવી તેના વિશે જાણીએ...

શિયાળામાં આપણી સ્કિન ડ્રાય થઈ જાય છે એના કરતાં વધારે નાનાં બાળકોની સ્કિન ડ્રાય થઈ જાય છે. નાનાં બાળકોની સ્કિન એટલી સેન્સિટિવ હોય છે કે એ માટે જેવીતેવી ક્રીમ કે લોશન પણ વાપરી શકતા નથી, કેમ કે જો એ લોશન કે ક્રીમ તેને સૂટ ન થઈ તો તેને સ્કિન પર એલર્જી થઈ જાય છે. નાના બાળકનું જેમ ધ્યાન રાખવામાં આવે છે એમ તેની સ્કિનનું પણ એટલું જ ધ્યાન રાખવું જરૂરી છે. આવો જાણીએ નાનાં બાળકોની સ્કિનની શિયાળામાં કઈ રીતે સંભાળ લેવી. મોઈસ્ચરાઈઝર ન્યુ બોર્ન બેબીથી લઈને ૧૧-૧૨ વર્ષનાં બાળકોની સ્કિન વધારે ડેલિકેટ હોય છે. સ્કિન ડેલિકેટ હોવાને કારણે તેમની સ્કિન શિયાળામાં વધારે ડ્રાય થઈ જાય છે. એટલે તમે નાના બાળક માટે ત્વચાને રિલેટેડ કોઈ પણ વસ્તુ વાપરો એનું ૐ ન્યુટ્રલ હોવું જોઈએ. ન્યુટ્રલ ક્ટણમાં ૐ ૫ અથવા ૫.૫ હોવું જોઈએ. નાનાં બાળકોની સ્કિનની દેખભાળ તે નાહવા જાય ત્યાથી જ શરૂ થઈ જાય છે. નાહતા સમયે સાબુ કે શાવર જેલ વાપરવું.

સાબુ કરતાં શાવર જેલ વધારે સેફ છે. શાવર જેલમાં બદામનું તેલ અથવા રાઈનું તેલ અથવા સેરામાઈડ ઓઈલ હોવું જોઈએ. આનાથી શાવર જેલ વધારે મોઈસ્ચરાઈઝિંગ થાય છે. એ પછી બદામના તેલ અથવા ઓલિવ ઓઈલથી મસાજ આપવો. આ બધામાં વિટામિન ઈ હોય છે. આજકાલ સ્મેલના લીધે રાઈના તેલનો ઉપયોગ બહુ ઓછો થઈ ગયો છે, પણ રાઈના તેલમાં ગરમી વધારે હોય છે એટલે ખાસ કરીને શિયાળામાં રાઈના તેલથી મસાજ કરવો જોઈએ. ઠંડીમાં ચામડીનું સ્તર ખરાબ થઈ જાય છે એટલે શરીરને મોઈસ્ચરાઈઝરની બહુ જરૂર હોય છે. એટલે બાળકને નાહ્યા પછી તરત જ મોઈસ્ચરાઈઝર ક્રીમ લગાવવું જોઈએ. ક્રીમમાં ગ્લિસરિન, લિક્વિડ પેરાફિન, વાઈટ સોફ્ટ પેરાફિન જેવી સામગ્રી હોવી જોઈએ. દિવસ-રાત ત્રણથી ચાર વાર મોઈસ્ચરાઈઝર લગાવવું. એટોપિક ડર્મેટાઈટિસ એટોપિક ડર્મેટાઈટિસ એટલે સ્કિન જરૂર કરતાં વધારે ડ્રાય હોવી. એ ડ્રાયનેસના કારણે બાળકને બહુ ખંજવાળ આવે છે અને ખંજવાળી-ખંજવાળીને સ્કિન પર રેશિસ ઊઠે છે તો ક્યારેક લોહી પણ નીકળે છે. આવાં બાળકોને બીજાં બાળકોની જેમ નોર્મલ મોઈસ્ચરાઈઝર ન લગાવવું. આ બાળકોને હેવી મોઈસ્ચરાઈઝરની જરૂર છે અને એ પણ ડોક્ટરની સલાહ પ્રમાણે, કેમ કે આ બાળકોની સ્કિન એટલી સેન્સિટિવ હોય છે કે તમે તેને જો ગમેતેવું મોઈસ્ચરાઈઝર લગાવો તો તેને સ્કિનની એલર્જી થઈ શકે છે. એ સિવાય આવાં બાળકોને ઠંડીમાં તો ઠીક, પણ ૩૬૫ દિવસ ઓલિવ ઓઈલથી મસાજ કરવો. સોફ્ટ ટોય્ઝ, માટી, ધૂળ, પાળેલાં જાનવરોથી

## રસથાળ

### મોદક

સામગ્રી - ૨૦૦ ગ્રામ મેદો, દળેલી ખાંડ ૨૦૦ગ્રામ, કોપરાનું છીણ ૨૦૦ગ્રામ, ઈલાયચીનો ભૂકો બે ચમચી, કતરેલા કાજુ બદામ અડધો કપ, કિશમિશ અડધો કપ, મોણ માટે એક ચમચો તેલ, તળવા માટે ઘી.

બનાવવાની રીત - સૌ પ્રથમ મેદામાં તેલનુ મોણ નાખીને તેનો રોટલી જેવો લોટ બાંધીને અડધો કલાક માટે મૂકી રાખો. હવે કોપરાના છીણમાં દળેલી ખાંડ, ઈલાયચીનો ભૂકો, કાજુ-બદામ કતરેલા, કિશમિશ વગેરે નાખીને તેને મિક્સ કરો.

અડધો કલાક પછી લોટના એકવીસ લૂઆ કરો. દરેક લૂઆની મધ્યમ આકારની પૂરી વણો. આ પૂરીમાં ખાંડ અને કોપરાનું મિશ્રણ ભરીને તેને મોદકનો આકાર આપો. આ રીતે બધા મોદક તૈયાર કરો. એક કઢાઈમાં ઘી તપાવો. ગેસ ધીમો કરી થોડા થોડા કરીને બધા મોદક તળી લો.

લો તૈયાર છે ગણપતિ બાપ્પાનો પ્રસાદ.

### ગુજરાતી મીઠાઈ મિલ્ક કેક

મિઠાઈની વાત કરવામાં આવે તો લોકો સૌથી વધુ મિલ્ક કેક ખાવો જ પસંદ કરે છે. આ મીઠાઈને તમે ઘર પણ સહેલાઈથી બનાવી શકો છો અને આ ખાવામાં પણ ખૂબ સ્વાદિષ્ટ લાગે છે. તેથી આજે અમે તમારી મનપસંદ સ્વીટ રેસીપીની વિધિ બતાવીશુ.

સામગ્રી - ૩ લીટર દૂધ, ૨ ટેબલ સ્પૂન લીંબૂનો રસ, ૧ ટી સ્પૂન લીલી ઈલાયચી, ૧ ટેબલ સ્પૂન દેશી ઘી, ૨૫૦ ગ્રામ ખાંડ, તેલ, બદામ (ગાર્નિશિંગ)

બનાવવાની રીત - એક મોટી કડાહીમાં દૂધ લઈને ઉકાળો. પછી તેમા ૨ ટેબલ સ્પૂન લીંબૂનો રસ નાખીને ત્યા સુધી હલાવો જ્યા સુધી દૂધ ફાટવુ શરૂ ન થાય

૨. પછી તેમા ૧ ટી સ્પૂન લીલી ઈલાયચી, ૧ ટેબલ સ્પૂન દેશી ઘી અને ૨૫૦ ગ્રામ ખાંડ નાખીને મિક્સ કરતા પકવો. જ્યા સુધી બધુ મિશ્રણ કડાહીના કિનારાને છોડવા ન લાગે.

૩. આ બધા મિશ્રણને તેલથી ગ્રીસ થયેલ એક ટ્રેમાં કાઢીને ઉપરથી બદામથી ગાર્નિશ કરો.

૪. આખી રાત ઢાંકીને રાખો.

૫. પછી મનપસંદ આકારમાં કાપીને સર્વ કરો.

# હું શિક્ષિકા અને એ....

**આગ ભીતર ભીતરની** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

મને એમનું વર્તન કંઈક વિચિત્ર લાગતું હતું. જોકે દારૂ પીવાની લત હતી ના તમાકુ ખાવાની...અરે ના જુગાર રમવાની... છતાંય વર્તન વિચિત્ર લાગતું હતું હું ઘણીવાર અવગઢમાં મુકાઈ જતી. જમતી વેળા પુછતી... મને તમારૂં વર્તન...! મારા શબ્દો સાંભળી એ મને સામો સવાલ કરતા... શું છે મારા વર્તનમાં તે તું આમ શંકામાં સરી પડે છે... તને તો ખબર છે કે મને નથી દારૂની લત ના મસાલાની ખાવાની... એ ગંદી ચીજોથી તો મને સખત ચીડ છે. બાકી હું નથી ખિસ્સા કાતરૂં કે નથી કોઈની સાથે આડો સંબંધ ધરાવતો... છતાંય તને શંકાઓ જાગે છે એ ખરી વાત છે... એ કહેતા અને શબ્દો સાંભળીને હું ખામોશ થઈ જતી. જ્યાં આ માણસ મારો પતિ આટલા બધા પાકા ખુલાસાઓ કરે છે પછી એ પછી જમવાન પુરૂં થતું. તેઓ ટીવી જોવા માટે બેસી જતા. જયારે હું આવતીકાલે કલાસમાં લેવાના પાઠની તૈયારીમાં... હું શાળાની શિક્ષિકા હતી અને મારો એક અભિગમ હતો કે મારા બાળકોને બરાબર ભણાવવું આમે હું મારી શાળામાં એક નિષ્ઠાવાન શિક્ષિકા તરીકેની એક સજ્જડ ઓળખ ધરાવતી હતી. અમારી શાળા ધોરણ સાત સુધી જ સીમીત હતી. અમારા ટ્રસ્ટી એને હાઈસ્કુલમાં બદલવા માનતા ન હતાં.

ફળ સ્વરૂપ ઓછા પગારમાં પડયા રહેવું પડતું હતું. આવતી કાલની કશીક એવી ઉજળી આશાના દોર પર... પણ સરકારને એમાં સારૂં કરવાની દાનત ન હતી તો સામે છેડે આંદોલન કારીઓ છાશવારે... મહિને બે મહિને જાતજાતનાં આંદોલનો કરીને થાકયા હતા કશું વળ્યું ન હતું. પરિસ્થિતિ જેમની તેમજ હા ચુંટણી ટાણે સરકાર વચનો આપતી હતી પણ પછી ચુંટાયા પછી તમે કોણ અને અમે કોણ!

અમે માત્ર બે જણા જ હતા ઘરમાં આ તો ખર્ચા પાણી સીમિતમાં રહેતા. મારા પગારમાંથી ઘર ચાલતું પણ... પણ દર દસ પંદર દિવસ કે અઠવાડિયે એ મને પાંચ હજાર કે સાત હજાર રૂપિયા આપતાં.

રૂપિયા હાથમાં લેતાં હું એમની સામે જોતી. પુછતી 'કયાંથી લાવ્યા, તમારે કાંઈ વ્યવસ્થિત નોકરી છે નહીં ..?'

'નોકરી કરતો હોય એ માણસ જ પૈસા અને પગાર પામતો હોય... નોકરી સિવાય પણ માણસો ઉધોગ ધંધાથી પૈસા પાડતા હોય છે એય પાછા નોકરીયાત કરતાં વધારે'

'પણ તમારો ધંધો કહેશો' હું એક સવાલ પુછતી અને મને સંભળાવતા...' તું માત્ર પૈસાથી જ એક મતલબ રાખ... બાકી તારી એક નોકરી છે એમ મારે ધંધો છે'

પણ શાનો એક પત્નીએ એટલી તો ખબર હોતી જોઈએ કે એના ધણીને શાનો ધંધો છે.

'તને નહી સમજાય'

અને વાત પર પડદો પડી જતો.

જોકે મારા મનમાં શંકાઓ તો સળવળ્યા કરતી. એક પતિ પોતાની પત્નીથી એનો ધંધો છુપાવે એને શું માનવું... મને સમજાતું નહી ઘણીવાર રજાના દિવસે કે વહેલી સવારે આવી ગઈ હોઉ ત્યારે ચેનલો પર આવતી ક્રાઈમની વાર્તાઓના એપિસોડ જોતી. કયારેક પોલીસ પોતે કરતી કરતી આવે બારણા ખખડાવે આવતા અને પોલીસ અધિકારી પુછે કે તમારા પતિ શું કરમ કરે છે.?

'સાહેબ ખબર નથી.'

'કમાલ છે, એક જ છત નીચે અને ચાર દિવાલોમાં સાથે રહો છો અને પતિ શું કામ કરે છે એની ખબર નથી.'

એ દશ્યો જોઈને મને થતું. મારી પણ એવી જ દશા છે. મારો પતિ શું કામ ધંધો કરે છે એની વળી જો સવાલ કરૂં છું તો સિરિયલોની જેમ જ એ જણાવે છે ઝાઝુ વિચાર્યા વિના માત્ર પૈસાથી મતલબ રાખ. મારામાં ઊંડા ઊતર્યા વિના..'

છતાંય કયાંક અવળા વિચારો આવી જતાં. એ આડા ધંધા તો નહીં કરતો હોય ને... વિચારો આવતા અને થંભી જતા... એ લગભગ દર શનિવારે મને રૂપિયા આપી દેતા' લે

'પણ એ તો...' હું પુછવા જતી પરંતુ એમની એજ જુની રેકર્ડ વાગતી પૈસાથી તું મતલબ રાખ કામ થતું જાય છે એમ હું તને પૈસા આપતો રહું છું.

'કયું કામ ?'

'પાછો પ્રશ્ન... પાછી શંકા... તારા કરતાં તો જો બીજી પત્ની હોત તો રૂપિયા ગણ્યા વગર ભગવાન ભરોસે તિજોરીમાં મુકી દિધા હોત...'

'હું એવી નથી'

મને કોણ જાણે કેમ ક્રાઈમના હપતા જોવા ગમતા અને એમનુ ચીડ થઈ આવતી એ કહેતા સ્ત્રાઓથી તો આવી સિરીયલો ના જોવી જોઈએ.'

'કેમ શું થાય?'

'મન બગડી જાય એથી...' અને હા હું કદીય જોવું છું?'

.............

એ હકીકત હતી કે એ કદીય ક્રાઈમ વાળી વાર્તાઓ જોતા ન હતા. હા જયારે જયારે જોતા ત્યારે સમાચારા ખાસ જોતા એય પાછા સ્થાનિક

## 'અરવલ્લી' ની ઊંચાઈ અને 'હાઈન્કા' ના હાર્દ સમી બહુમુખી પ્રતિભાને ઉજાગર કરતો ગ્રંથ

**શબ્દ સમીપે** - નટવર હેડાઉ

૧ લી એપ્રિલ, આજે જેમનો જન્મદિવસ છે એવા એક સર્જકના જીવન અને કવનને આલેખતા પરિચય માટે તમને કરાવવો છે.

કોઈપણ સર્જક માત્ર એક સરેરાશ વ્યક્તિ નથી. કેટલીયે સંવેદના, ને વેદનાનો એક સમૃધ્ધ ભાવપિંડ હોય છે. તતે જાણ્યા - અજાણ્યા કેટલાય પરિબળોને ચિત્તમાં જીલે છે. સંવેદે છે, સેવે છે, પ્રત્યેક પરિસ્થિતિ અને પરિવેશ વડે અનાયાસ જ પોતાના આંતરસંવિદ્દને સમૃધ્ધ કરતો રહે છે. કેટલીક જન્મદત્ત પ્રતિભા અને કેટલીક મથામણ પછી શબ્દ જન્મતો હોય છે - સર્જનાત્મક શબ્દ. આ રીતને ચળાઈને, રસાઈને, ઘડાઈને, ઘૂંટાઈને આવતો શબ્દ કલા છે. શબ્દ બ્રહ્મ બને છે. તજજન્ય રસાનંદ બ્રહ્માનંદ સહોદર હોય છે આપણે ઉપલબ્ધ શબ્દનો મહિમા કરીએ છીએ. કિન્તુ શબ્દનો સાક્ષાત્કાર કરનાર સર્જકના ચિત્તમાંથી કેટલીક ક્રિ-પ્રક્રિયા પછીની એ પરમ કે ચરમ પરિણતિ હોય છે. આમ તો આપણે કૃતિ કે આકૃતિનો જ મહિમા કરતા હોઈએ છીએ. પરંતુ તદ્ નિમિતે સર્જકના ભાવ વિશ્વના ખંડ-ઉપખંડમાં વિરહવું અત્યંય રોચક બની રહે. કેમ કે સ્રષ્ટા અત્યંત તરલ લવચિક છતાં ભાવ પ્રણવ ઘટન - વિઘટનનો તેજસ્વી પૂંજ છે. સર્જનની પ્રક્રિયાને પૂર્ણતયા સમજાવવી કપરી છે, સર્જકના ચિત્તમાં જીવનશૈલીમાં ઘડતર પ્રાપ્ય પરિવેશમાં, અનીતમાં, અનુભવમાં ડોકીયું કરવાથી કિંચિત એની અડોઅડ આવ્યાનો અહેસાસ થાય પણ ખરો. આ સંદર્ભે સર્જકની વાડ મય પ્રતિમાને એમના જીવન વડે પામવાના પ્રયાસમાંથી બહુ આયામી પરિણામોને પરિમાણો પ્રાપ્ત થાય છે.

છતાં એક સર્જક માટે 'ગામડું, પાદક, શેરી, વનરાજી, પશુપંખીઓ, તળાવ, શેઢા, ખેતી, તૂટેલા છાપરાંવાળી નિશાળ, ગોઠિયાઓ, ધૂળ-ઢેફાં ને માટીનો અસબાલ.. માનવ ઘડતર માટે આ બધી દુનિયા એને પોતાની અંદર ડોકીયું કરવાની તકો પુરી પાડતી હોય છે.' એમ જેના વિશે ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા કહે છે એવા સર્જન ચેતનાના અવિષ્કારની સર્જક પ્રતિભાને શબ્દ પ્રતિભાને નાણવા અને માણવા તેમજ વ્યક્તિ મુદ્રો સમગ્રતયા ઉજાગર કરવાનો

# ક્યારે ફળ ખાવથી કેટલી કેલરી મળશે ?

**નારી**

આપણા ત્યાં રાતે જમ્યા પછી તડબૂચ,કેરી અથવા ટેટી જેવા ફળ ખાવાનું ચલણ છે. પરંતુ ફળહંમેશાં ભૂખ્યા પેટે ખાવાં જોઈએ, જમ્યા પછી નહીં. દાખલા તરીકે તમે બ્રેડની બે બેસ્લાઈસ ખાધા પછી જો ફળ ખાઓ તો સામાન્ય રીતે જ ફળ હોજરીમાંથી આંતરડા સુધી સીધુ જ પહોંચી જાય છે તેને બ્રેડ અટકાવી દે છે.ફ્રૂટ, બેડ અને પાચનરસ ભેગાં થવાથી ખોરાકનો સમૂહ છૂટો પડી જાય છે. તેના કારણે શરીરમાં રહેલા ખોરાકના સમૂહ છૂટો પડી જાય છે. તેના કારણે શરીરમાં રહેલા ખોરાકના આ સમૂહમાં આથો આવી જાય છે અને પરિણામે એસિડિટી થાય છે. ખાલી પેટે ફળ ખાવાથી સફેદવાળ, ટાલ, આંખ નીચેના કુંડાળા થતાં અટકે છે.

જેમને ફળનો જ્યુસ ભાવતો હોય તેમણે ડબ્બાના જ્યૂસથી દૂર રહેવું જોઈએ. ડેઝર્ટ કે પુડિંગમાં ફળ ભાવતા હોય ત્યારે પણ યાદ રાખો કે ફળ રંધવાના કારણે તેમાંથી પૌષ્ટિક તત્વો દૂર થાય છે. તે સંવાદિષ્ટ લાગે છે, પણ તેમાં રહેલા વિટામિન્સનો નાશ થાય છે.

કુત્રિમ ગળપણનો ઉપયોગ કરવાનું ટાળો. તેમાં રહેલા આસ્પાર્ટેમથી આડઅસરો થાય છે. ફળનો રસ પીવાના બદલે આખા ફળ ખાવ. એક ગ્લાસ નારંગીના રસ કરતાં ત્રણ નારંગી ખાવાથી વધારે ફાઈબર મળે છે. રિફાઈન્ડ ખોરાકથી બને તેટલા દૂર રહેવું. ખોરાકને રિફાઈન્ડ કરવા માટે વધારે પ્રોસેસ કરવામાં આવે છે. તેથી તેમાં રહેલા મૂળ પોષક ઘટકો તેમજ ફાઈબરનો નાશ થતો હોય છે. કૃત્રિમ ગળપણનો ઉપયોગ કરવાનું ટાળો. કારણ કે તેમાં રહેલા આસ્પાર્ટેમ નામના તત્ત્વથી ઘણી આડઅસરો થાય છે. એક સંશોધન પ્રમાણે કૃત્રિમ ગળપણ લેવાથી ગળ્યું ખાવાથી તીવ્ર ઈચ્છા જાગે છે. સહુથી સારો ઉપાય છે- જ્યાં શક્ય હોય ત્યાં ફળોનો ઉપયોગ કરો,કારણ કે ફ્રૂટમાં રહેલું ફાઈબર શરીરમાં ખાંડને ભેળવવાની પ્રક્રિયા ધીમી પાડી દે છે. ખાખરા કે ટોસ્ટના બદલે રોટલી કે બ્રેડ ખાવાં જોઈએ. ખાખરા અને ટોસ્ટ એ રોટલી અને બ્રેડના..છે. તેમનું વજન ઓછું હોવાથી તે વધારે પ્રમાણમાં ખવાઈ જવાય છે, સરવાળે શરીરમાં વધારે કેલરી ઠલવાય છે.

ઘઉંની રોટલીના લોટમાં તેલનું મોણ ન નાખ્યું હોય અને રોટલી પર ઘી ચોપડ્યું ન હોય ત્યારે એક રોટલીમાં આશરે ૮૦ કેલરી હોય છે અને ૩ ગ્રામ પ્રોટીન, ૧૮ ગ્રામ કાર્બોદિત ઘટક અને ૦.૫ ગ્રામ ચરબીનો સમાવેશ થાય છે.

કુ.અંજના સોનકર

# થ્રેડિંગ કરાવ્યા બાદ ભૂલથી પણ ન કરો આ ભૂલો

**રૂપના રખોપા**

આજ-કાલની છોકરીઓ જાડી ભ્રમરોની સુંદરતા વધારવા માટે થ્રેડિંગનો સહારો લે છે. તેને કરાવ્યા બાદ થતા દુ:ખાવા અને પિંપલ્સથી છૂટકારો પામવા માટે છોકરીઓ કેટલીક ભૂલો કરી બેસે છે. થ્રેડિંગ કરાવ્યા બાદ શું નહી કરવું જોઈએ તે વિશે જાણકારી જરૂરી છે

આપની સુંદરતા આપના ચહેરાથી દેખાય છે અને તેને સુંદર બનાવેછે આપની આંખો, વાળ અને આપની ભંવો. આજે અમે વાત કરીશું આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવનારી આપની આઇબ્રો વિશે. આપ તેને સુંદર બનાવવા માટે સામાન્ય રીતે બ્યુટી પાર્લ જાઓ છો અને તેને બરાબર કરાવો છો. આજ-કાલની છોકરીઓ જાડી ભંવોની સુંદરતા વધારવા માટે થ્રેડિંગનો સહારો લે છે. તેને કરાવ્યા બાદ થતા દુ:ખાવા અને પિંપલ્સથી છુટકારો પામવા માટે છોકરીઓ કેટલીક ભૂલો કરી બેસે છે.આનાથી તેમને પાછળથી પરેશાનીનો સામનો કરવો પડે છે. કેટલાક કામો એવા છે કે જે આપે પોતાની આઇબ્રોનું થ્રેડિંગ કરાવ્યા બાદ તરત નથી કરવાના હોતા, નહિંતર આપને નુકસાન થાય છે. આપને આજે આ જ વિશે બતાવીશું કે આપની સુંદરતા જાળવી રાખવાના ચક્કરમાં આપ આવું કોઈ કામ ન કરો કે જે આપને મુશ્કેલીમાં નાંખી દે. આવો જાણીએ કે આપે થ્રેડિંગ કરાવ્યા બાદ શું નહીં કરવું જોઈએ. આપને જણાવી દઈએ કે કેટલીક મહિલાઓમાં જોવામાં આવ્યું છે કે તેઓ જ્યારે થ્રેડિંગ કરાવીને આવે છે, ત્યારે પોતાની આઈબ્રોને આમ જ છોડી દે છે. આનાથી આપની આઈબ્રોમાં રુક્ષપણુ આવી જાય છે કે જેથી આપને બળતરા કે ખંજવાળની સમસ્યા પણ થઈ શકે છે. આનાથી બચવા માટે આપે મૉઇશ્ચરાઇઝરથી મસાજ કરવી જોઈએ. આ આપની આઈબ્રો સાજી રાખવામાં મદદ કરે છે. ધ્યાન રહે કે જ્યારે આપ થ્રેડિંગ કરાવીને આવો, ત્યારે આપે તડકામાં નથી નિકળવું. હકીકતમાં તડકવામાં નિકળવાથી આપને સમસ્યા થઈ શકે છે. આપને જણાવી દઈ કે જ્યારે આપણે શરીરનાં કોઈ પણ ભાગનાં વાળ

### શિહોરીમાં આજે...

અનુસંધાન ૩ નુ ચાલુ..

તાલુકાના પદાધિકારીયો, સહકારી આગેવાનો ગત ચૂંટણી લડેલ તેમજ અગાઉ ચૂંટણી લડવા તમામ કાર્યકરે તેમજ ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોને શીહોરી આરામગુહ ખાતે આજે બપોરે ૧૨ કલાકે સમયસર હાજર રહેવા ભારતીય જનતા પાર્ટી પ્રમુખ ડાયાભાઈ પીલીયાતર, મહામંત્રી કિશોર પ્રજાપતિ અને ઈસુભા વાઘેલાએ અખબારી યાદીમાં જણાવેલ છે.

### બનાસડેરી દ્વારા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ પ્રસંગે લાખણી એપીએમસીના ચેરમેન તેજાભાઈ પટેલ દ્વારા શંકરભાઈ ચૌધરીને રાજેશ્વર ભગવાનનો ફોટો અર્પણ કરી પાઘડી પહેરાવી સન્માન કરાયું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન બાબરાભાઈ પટેલ, લાખણી તાલુકા ભાજપ પ્રમુખ હેમરાજભાઈ, થરાદ તાલુકા ભાજપ પ્રમુખ રૂપશીભાઈ થરાદ કિસાન મોરચાના પ્રમુખ થાનાભાઈ પટેલ, ડો.નરસિંહભાઈ, ડો.મહેશભાઈ ભટોલ સહિત બહોળી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### હરાજીમાં ભાગ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જ્યારે બાકીના ૪૦ લોકોએ કોઈ કાણોસર ચોથાઈની રકમ ન ભરતા પાલિકા દ્વારા તેમને નોટીસ પાઠવવાની તજવીજ હાથ ધરાઈ છે.

અત્રે ઉલ્લેખનિય છે કે ચોથાઈની રકમ ભરનારે પાલિકાને જે નુકશાન થશે તેની પણ ભરપાઈ કરવાની રહેશે. તેઓ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા વગેરેની ચૂંટણીમાં ભાગ લઈ શકશે નહી કે અન્ય સરકારી લાભો મેળવી શકશે નહી તેવું સુત્રો દ્વારા જાણવા મળેલ છે.

### ડીસાની હોસ્પિટલમાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જ્યાં બાળકની સારવાર બાદ ફરી પોતાના ઘરે લઇ ગયા હતા અને ત્યારબાદ કોઈ દવાના કારણે આ બાળકને શરીરમાં ઈન્ફેકશન થયું હતું.

આ અંગે બાળકના પરિવારજનોના જણાવ્યાનુસાર આ બાળકને ચામડીના તબીબ પાસે બતાવવા જતા દવાની આડ અસરના લીધે તકલીફ થઇ હોવાનું જણાવ્યું હતું. જેથ ફરી આ બાળકને સારવાર માટે ડીસા લાવવામાં આવ્યો હતો. ત્યારે તબીબ ડૉ. રમેશ પટેલે પરિવારજનોને તેને ઈન્ફેક્શન વધુ હોવાની જાણ કરી આગળ સારવાર માટે લઈ જવા જણાવ્યું હતું. જોકે તેને સારવાર માટે ડીસા જ રખાતા મંગળવારે વહેલી પરોઢે તેનું મોત નીપજ્યું હતું. જેથી પરિવારજનોએ તબીબ પર બેદરકારીનો આક્ષેપ કરી મૃતદેહને સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો.

બાદમાં મામલો વણસતા અને દર્દીના સગાઓ અને સમાજના લોકો એકત્ર થવા લાગતા હોસ્પિટલમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. ડીસા ઉત્તર પી.આઈ જે.એમ. ખાંટ, દક્ષિણ પીઆઈ આર.આર. સિંઘાલ અને ડીસા તાલુકા પી.આઈ.એ.ટી.પંચોલી સહિત અધિકારીઓ હોસ્પિટલ દોડી આવ્યા હતા અને બંને પક્ષના લોકોને સમજાવવા પ્રયાસ કર્યો હતો. જો કે મોડે સુધી મામલો થાળે પડ્યો ન હતો અને સાંજ સુધી પરિવારજનોએ લાશ ઉઠાવી ન હતી. પોલીસે બંને પક્ષોની લેખિત ફરિયાદ લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે તબીબ ડૉ. રમેશ પટેલનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, બાળકની હાલત ગંભીર હતી અને આ અંગે તેના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. અને ખેંચ જેવા કિસ્સાઓમાં ઘણીવાર દવાની આડઅસર થતી હોય છે અને તેની તમામ માહિતી બાળકના પરિવારજનોને આપ્યા બાદ જ બાળકની સારવાર શરુ કરવામાં આવી હતી. પરંતુ આજે બાળકના પરિવારજનો દ્વારા બાળકના મૃતદેહનો સ્વીકાર કરવાનો ઈનકાર કરતા અમે પોલીસને જાણ કરી છે.

## ભરૂચના કેબલ બ્રિજ પર કોર્મશિયલ વાહનો પાસેથી ટોલ વસુલાશે

પ્રતિ. અંકલેશ્વર

ભરૂચના કેબલ બ્રિજ પરના ટોલના વિરોધમાં ટ્રાન્સપોર્ટર અને યુથ કોંગ્રેસે આવેદનપત્ર આપ્યું છે. મુલદ ટેક્સ પ્લાઝા ખાતે ટોલ ઉઘરાવવાનો કોન્ટ્રાકટ મેળવનારી મુંબઈની ઈગલ કંપનીએ સ્થાનિક કોર્મશિયલ વાહનો પાસેથી ટોલ લેવાની મક્કમતા દર્શાવી છે. જો કે કંપની તરફથી ભરૂચની કાર અને નાના વાહનોને ટોલમાંથી મુક્તિ આપવામાં આવશે તેવી જાહેરાત કરી છે. સ્થાનિક ટ્રકો પાસેથી ટોલ લેવાના વિરોધમાં ટ્રાન્સપોર્ટર તથા યુથ કોંગ્રેસે કલેકટરને આવેદનપત્ર આપી રજૂઆત કરી સપ્ટેમ્બર મહિનાથી કેબલ તથા જુના સરદાર બ્રિજ પરથી ટેક્સ લેવાઈ રહ્યો છે. જો કે ભરૂચના તમામ વાહનો પાસેથી ટોલ લેવામાં આવતો નથી. નર્મદા નદી પર બનેલો કેબલ સ્ટેઈડ બ્રિજ ફરીથી સ્થાનિક વાહનો પાસેથી ટોલ લેવાના મુદ્દે વિવાદમાં આવ્યો છે. ૨૧ સપ્ટેમ્બરે મુંબઈની ઈગલ કંપનીએ ટોલ ઉઘારાવવાની શરૂઆત કરી હતી. ટોલ લેવાનું શરૂ થતાં કોંગ્રેસે આંદોલન ચલાવ્યું હતું. તેમજ સ્થાનિક ટ્રકોને મુક્તિ આપવાની માંગ સાથે ટ્રાન્સપોર્ટરોએ હોબાળો મચાવ્યો હતો. સપ્ટેમ્બરથી જાન્યુઆરી સુધીમાં ચાર એજન્સીઓ બદલાઈ ચુકી છે. મુંબઈની ઈગલ કંપનીએ ફરીથી ટોલ ઉઘારાવવાનો કોન્ટ્રાકટ મેળવ્યો છે. કંપનીએ ભરૂચની ટ્રકો તથા કોર્મશિયલ વાહનો પાસેથી ટોલ લેવાની મક્કમતા દાખવી છે. બીજી તરફ ટ્રાન્સપોર્ટરોએ ટોલના વિરોધમાં કલેકટરને આવેદનપત્ર આપ્યું છે. કોંગ્રેસે પણ આંદોલન ફરી શરૂ કરવાની ચીમકી આપી છે. આગામી દિવસોમાં કેબલ બ્રિજ પર ટોલ લેવાના મુદ્દે રાજકરણ ગરમાઈ તેવા સંજોગો હાલના તબક્કે દેખાઈ રહ્યાં છે. એનએચએઆઈએ બહાર પાડેલાં ટેન્ડરમાં ભરૂચના સ્થાનિક વાહનોને ટોલમાંથી ૫૦ ટકાની માફી આપી છે. પણ વાહનચાલકો અન્ય ટોલનાકાની જેમ મુક્તિની માંગ કરી રહ્યાં છે.ભરૂચના કલેકટર સંદિપ સાગલે એ કહ્યું હતું કે ભરૂચના સ્થાનિક વાહનો પાસેથી ટોલ ટેક્સ અંગે એનએચએઆઈ પાસે વિગતો મંગાવીને ખરાઈ કરાવમાં આવશે.

## બનાસકાંઠા વનવિભાગના નિવૃત વન અધિકારીનો વિદાય સમારંભ યોજાયો

ડીસા

બનાસકાંઠા વન વિભાગના સબ ડી.એફ.ઓ. ડી.એસ.સોલંકી તા. ૩૧/૧૨/૧૭ ના રોજ વયનિવૃત થતાં તેમને શુભેચ્છાઓ પાઠવવા તા. ૬/૧/૨૦૧૭ ને શનિવારે હોટલ લાજવંતી ખાતે મહેસાણા વન વર્તુળના વનસંરક્ષક લલીત પરમાર (આઈએફએસ) ના અધ્યક્ષ સ્થાને વિદાય સમારંભનું આયોજન કરાયું હતું. જેમાં સહ અધ્યક્ષ સ્થાને બનાસકાંઠા વન વિભાગના ડી.એફ.ઓ. આઈ.કે. બારડ અને અતિથિ વિશેષ તરીકે વિસ્તરણ વિભાગના ડી.એફ.ઓ. કે.ટી. પરમાર (આઈએફએસ) ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે કચેરી અધિક્ષક જગદીશભાઈ લિંબાચીયા, નિવૃત સબ ડી.એફ. ઓ. એન.એન. સિંધી, વનપાલ હાડા, ડી.એફ.ઓ. આઈ.કે. બારડ, નિવૃત સબ ડી.એફ.ઓ. ભગવાનભાઈ બંધુ, અધ્યક્ષ મહોદય વન સંરક્ષક એલ.જે. પરમાર સહિત સૌ કોઈએ પોતનાં વક્તવ્યો દ્વારા ડી.એસ.સોલંકીને શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે નિવૃત વન કર્મચારીઓ કે.એસ.પઠાણ, પી.બી. હડિયોલ, બી.એમ.બાવા, એન.આર. શ્રીમાળી અને કેસરસિંહ પરમારને પણ શુભકામનાઓ પાઠવવામાં હતી.

૧૯૮૧-૮૨ બેચના રેંજ ફોરેસ્ટ ઓફિસર ડી.એસ. સોલંકીએ બોડેલી, દેવગઢ બારિયા, દાહોદ, રાજપીપળા, માંડવી, પાલનપુર, થરાદ જેવા સ્થળોએ સેવા બજાવી ૨૦૧૧ થી ૨૦૧૭ સુધી મોબાઈલ સ્કવોડ સબ ડી.એફ.ઓ. તરીકે પાલનપુર ખાતે ફરજ બજાવી વયનિવૃત થયા હતા. એક નીડર, નિષ્ઠાવાન, કાબેલ, હોંશિયાર, જિજ્ઞાસુ, સ્પષ્ટ વક્તા અને દીર્ઘદ્રષ્ટિવાન અધિકારી તરીકેની છાપ ધરાવતા ડી.એસ.સોલંકીએ વનવિભાગના વિવિધ વિષયોનો અભ્યાસ કરી અનેક સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરી હતી. પાલનપુર આર.એફ. ઓ. બાજીદખાન સિંધી અને સમગ્ર ટીમે વિદાય સમારંભની પૂર્ણ વ્યવસ્થા સંભાળી સફળ આયોજન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વન વિભાગના જ નિવૃત સબ ડી.એફ. ઓ. અને જાણીતા ઉદ્‌ઘોષક ભગાવનભાઈ બંધુએ કર્યું હતું. નિવૃત અધિકારી ડી.એસ.સોલંકી અને નિવૃત વન કર્મચારીઓનું ફુલહાર, સાલ, શ્રીફળ, સાકર, સવા રૂપિયો અને સ્મૃતિ ભેટથી દબદબાભેર સન્માન કરાયું હતું.

## સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૧૦૦-૩૯૨૦૦**
રૂપુ કાચું ૩૯૧૦૦-૩૯૨૦૦
સોનુ તોલો ૩૦૧૦૦-૩૦૩૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૨૦**
પામોલીન ૧૦૪૦
સોયા રીફાઈન ૧૩૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી. ૧૫૫૦-૧૯૨૦
સીંગતેલ ૧૫ લી.૧૫૫૦
સીગતેલ ૫ લી. ૫૦૫
તિરૂપતી કપા. ૧૨૫૦
૫ લીટર ૩૯૫
વનસ્પતિ ઘી ૧૦૬૦-૧૧૮૦
કોપરેલ ૧૫ કિલો ૩૨૦૦
૫ કે. કોપરેલ૧૧૭૦
૫લી. અંકુર સીંગતેલ ૫૦૫
**૧૫ લીટર સનફલાય ૧૨૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૫૨૦
૨ લી. ૧૯૮
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૫૦૦-૩૫૭૦**
**ખાંડ એમ. ૩૫૦૦-૩૬૫૦**
ખાંડએલ. ૩૭૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૧૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૯૦૦-૧૧૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી** (૨૦ કિલોના ભાવ)
દુધી ૧૬૦-૨૦૦
સુકી ડુંગળી ૭૦૦
લસણ ૫૦૦-૭૦૦
ધાણા ૩૦૦
મરચાં ૪૦૦-૬૦૦
લીંબુ ૩૦૦-૩૬૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૧૪૦-૧૬૦
ભીંડા ૮૦૦-૯૦૦
કોબી ૧૮૦-૩૦૦
વટાણા ૫૦૦-૬૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૧૦૦૦-૧૨૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
તુરીયા ૩૦૦-૬૦૦
તુવેર ૬૦૦-૭૦૦

### શબ્દ સમીપે...

અનુસંધાન ૫ નું ચાલુ

એક સુંદર પ્રયાસ કરવામાં આવેલો તેના પરિણામ સ્વરૂપ પ્રગટેલ ગ્રંથ આજે આપણી સામે છે.

'કિશોરસિંહ સોલંકી શબ્દ અને સર્જક' ગ્રંથમાં તેના બંને સંપાદકો ૧, નરેશ શુકલ, ૨, નિસર્ગ આહિરે કિશોરસિંહ સોલંકીના વિવિધ પુસ્તકો પર થયેલા સમીક્ષા લેખો, અવલોકનો, આસ્વાદો, અને અભિપ્રાયોને પ્રથમ વિભાગમાં સમાવ્યા છે. તો બીજા વિભાગમાં કિશોરસિંહ સોલંકીના સંપર્કમાં આવેલા વિદ્યાર્થીઓથી માંડીને ગુજરાતની ખ્યાતનામ હસ્તીઓ તરફથી સાંપડેલ સ્મૃતિખંડો સમાવ્યા છે. આ બધામાં અલગ અલગ કોતરાયેલ કિશોરસિંહની છબિ આ પુસ્તકમાં સમગ્ર રૂપ પામે એવો કંઈક આશય આ સંપાદનનો છે.

આમેય, માનવજાત યુગોથી મથી રહી છે. માનવ જાતને સુખી કરવા અને એટલે જ અનેક માનવો સતત કશુંક શોધવા, કશુંક નવું કરવા મથ્યે જતાં હોય છે. એમાંથી કોઈ મોટા માથારૂપે ઉભરી આવે તો કોઈની નોંદ લેવાની રહી પણ જાય... પણ એથી પેલા ભુલાઈ ગયેલાનું મૂલ્ય ઘટતું તો નથી જ. આવા 'માનવ' માટે કલાના માધ્યમથી મથેલા કિશોરસિંહના કાર્યની સમીક્ષા થાય, મર્યાદાઓ અને વિશેષતાઓ બને ઊભરી આવે અને પરિપાક રૂપે એક નાનકડું સત્ય પણ સિધ્ધ થાય તો આખોય પુરૂષાર્થ સાર્થક નિવડે છે.

ઝાડનું ગીત, ગામ, ઋતુ વગેરે કૃતિઓથી આરંભાયેલી કિશોરસિંહની શબ્દ યાત્રા - સર્જન યાત્રા આજે કવિતા, નવલકથા, નવકિલા, નિબંધ, પ્રવાસ, લેખન, વિવેચન ને સંપાદન એમ વિવિધ પરિપાટીમાં પુસ્તકો રૂપ ઉપલબ્ધ છે. શબ્દાર્થને અને પ્રમાણ્યો છે. ગ્રામ જીવનના તળપદા જીવન રંગોથી માંડીને મહાનગરની કૃતક અને આભાસી જીવન શૈલી અને વિદેશ પ્રવાસની નિપજ રૂપ માનવ વૈવિધ્ય, ભિન્ન ભિન્ન સ્વરૂપે તેમના સર્જન પાશમાં બંધાતા રહ્યા છે. તેમણે જનસભા, સંદેશ, ગુજરાત સમાચાર જેવા ખ્યાતનામ દૈનિકોમાં કટાર લખી છે ને પ્રતિષ્ઠિત સામાયિકોમાં સાહિત્ય પ્રગટ થતું રહે છે. વર્તમાન સમયમાં પણ 'સંદેશ' દૈનિકમાં તેઓ 'શબ્દસર' નામની કોલમ લખે જ છે. પારિતોષિક ઈત્યાદિની આંધળી ખેવનાથી તેઓ દૂર રહ્યા છે. આમ છતાં 'ક્રિટીક્સ એવોર્ડ' અને બ.ક.ઠાકોર પારિતોષિક થી તેમને નવાજવામાં આવ્યા છે.

સમગ્રયતા સાહિત્યકાર કિશોરસિંહ સોલંકીના જન્મથી માંડીને અદ્યાપિપર્યત જીવનકાળમાં ડોકીયું કરીશું તો વૈવિધ્યથી ભરેલી એક સમૃધ્ધ આંતર સંપદા હાથ લાગશે. નિજી અનુભવો, બ્રાહ્મ પરિબળો, જનપરિવેસ, જાહેર જીવનની અનુભૂતિ, દેશ - વિદેશના પ્રવાસનો પ્રભાવ, સાહિત્યનું પરિશીલન, બદલાયે જતી તાસીર પરત્વેનું મનોમંથન આ બધું સાથે મુક્તા એક મંથન મગ્નને બહુમુખી પ્રતિભા ધરાવતા સર્જક પ્રત્યક્ષ થાય છે. જો કે જીવાયે જવા જીવન પરત્વેનો તેમનો અભિગમ ગંભીર નથી. તેઓ હળવાશથી પ્રાપ્ય સંજોગોને જીવી જાણે છે. તેમને મળતાં એક પારંપરિક કલ્પના ગત સર્જનની નહિ, જીવનરસથી છલોછલ વ્યક્તિને મળ્યાનો અહેસાસ થાય છે. તેઓ સૌમ્ય, મૃદુને મિતભાષી, આત્મીય લાગે તેવા માણસ છે. રાજકારણમાં સક્રિય હોવા છતાં રાજકારણીની પ્રચલિત એવી રૂક્ષ છાપ તેમને મળતાં જ ખોટી પડે.

શબ્દ સમીપે

મતલબ કે રાજકારણીના ગંદવાડથી તેઓ દૂર રહ્યા છે. તેમના ઉદારવાદી અને 'સત્યવાદી વલણને કારણે જ કદાચ તેઓ સફળ રાજકારણી થઈ શક્યા નથી.

પરંતુ સાહિત્ય સર્જનમાં તેમની આંચતિક નવલકથાઓ 'મશારી' અને 'વીરવાડા' કાબિલેદાદ છે. તો વળી આ પુસ્તક પ્રગટ થયા પછી લખાયેલી છપાયેલી અને ખુબ વખણાયેંલી નવલકથા ' અરવલ્લી' તો ગુજરાતના સીમાડા બહાર હિન્દીમાં અનુવાદ પામી છે. એ જ રીતે જાપાનીઝ કાવ્ય પ્રકાર હાકુ અને તાન્કાનો સમન્વય સાધીને એક વૈશ્વિક કાવ્ય પ્રકારમાં 'હાઈન્કા' નામે નવતર પ્રયોગ કરી કાવ્યક્ષેત્રે એક નવું જ પરિણામ રચી આપ્યું છે. તેવા કિશોરસિંહ સોલંકી નિવૃત્તિ પછી પણ સતત પ્રવૃત્તિઓમાં રહી શબ્દને વધારે ને વધારે ઉર્ધ્વગામી, ઉન્નત કરતા રહ્યા છે અને શબ્દની પરમ કે ચરમ સર્જનાત્મક ક્રિયા-પ્રકિયાને આવકારવાને અવતારવા સતત આતુર છે ત્યારે એમની પાસે અનાગતમાં વધારે સત્વશીલ સર્જકો પ્રાપ્ત થતાં રહે તેવી શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવું છું.

કિશોરસિંહ સોલંકી શબ્દ અને સર્જક
સંપાદકો - નરેશ શુકલ - નિસર્ગ આહિર
પ્રકાશક - પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

### રૂપના રખોપા...

અનુસંધાન ૫ નું ચાલુ

કઢાવીએ છીએ, તો તે જગ્યા સંપૂર્ણપણે સેંસેટિવ થઈ જાય છે. તેથી આપે આ સમસ્યામાંથી બચવું છે અને તડકામાં નથી નિકળવાનું. આપને જણાવી દઈએ કે આપ હંમેશા આ જ ભૂલ કરો છો. આપને કોઈક લગ્ન કે પાર્ટીમાં જવાનું હોય છે, તો આપ થ્રેડિંગ કરાવ્યાના તરત બાદ મેકઅપ કરવા લાગો છો. આપને જણાવી દઈએ કે આ બિલકુલ ખોટુ છે. આપનાથી આપને બહુ સમસ્યા થઈ શકે છે. આનાથી આપે બચવું જોઈએ. જો આપે થ્રેડિંગ કરાવ્યું છે, તો આપે તરત નહીં, પણ ૨૪ કલાક બાદ જ મેકઅપ કરવું જોઈએ. આ આપની સ્કિન માટે યોગ્ય રહેશે. જો આપે આવુ ન કર્યું, તો આપને પિંપલ્સની સમસ્યા થઈ શકે છે. આનાથી આપે કોઈ પણ પરિસ્થિતિમાં બચવું છે, કારણ કે પિંપલ્સ આપની સુંદરતાને મારી નાંખે છે.

આપ વારંવાર થ્રેડિંગ કરાવ્યા બાદ એક ભૂલ આ કરો છો કે આપ તે જગ્યાને વારંવાર ટચ કરો છો. આમ કરવું ખૂબ જ ખતરનાક હોઈ શકે છે. આપને ખબર હોવી જોઈએ કે જો આપે આવું વારંવાર કર્યુ, તો આપને ઈન્ફેક્શન, ખંજવાળ અને બ્રેકઆઉટ્સની પણ સમસ્યા થઈ શકે છે. આપે સામાન્ય રીતે આ અનુભવ્યું હશે કે થ્રેડિંગ કરાવ્યા બાદ આપ તે જગ્યાને ખંજવાળો છો. આવુ કરવું આપના માટે ખતરનાક છે. આપને ખંજવાળ અનુભવાય,તો આપે તેને ખંજવાળવાથી બચવું જોઈએ. જો આપ વધારે જ ખંજવાળ અનુભવી રહ્યા હોવ, તો આપે તેને ખંજવાળના સ્તાને મસાજ કરવી જોઈએ. પોતાના ચહેરાને આપ ઠંડા પાણીથી ધુઓ અને ગુલાબ જળમાં એલોવેરા મિક્સ કરી તેનાથી મસાજ કરો. આવુ કરવાથી આપને નુકસાન પણ નહીં થાય અને આપની સમસ્યા પણ ઉકેલાઈ જશે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**હેપ્પી બર્થ-ડે પ્રકૃતિ પટેલ**

પિતા : ધર્મેન્દ્ર પટેલ માતા : તૃપ્તિ જોષી પટેલ
જ.તા. :૧૦/૦૧/૨૦૦૭ ઉ.વ.: ૧૦
પરિચય : 'રખેવાળ' દૈનિક મા દર સોમવારે સંવેદના ના ફૂલ કોલમ લખતા લેખક - પત્રકાર મનીષ જોષી "મૌન " ની ભાણેજ છે.
સરનામુ : ૨ સપ્તગિરિ સોસાયટી વિશ્વામિત્રી માજલપુર વડોદરા ૧૧૪ મોકલનાર : મનીષ જોષી " મૌન "

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ......................જ.તા. ................ઉ.વ.
પરિચય: ....................................................
સરનામુ : ..................................................
મોકલનારની સહી : .........................................

### આગ ભીતર ભીતરની...

અનુસંધાન ૫ નું ચાલુ

સમાચારો...ચેનલ પર આવતા સ્થાનિક સમાચાર એટલે...

ખંડણી માગતાં પકડાયેલા યુવાનોના સમાચાર હોય... કયાંક ગેંગ રેપ પછી કરતુત કરનારા પોલીસના સકંજામા આવ્યા હોય... કયાંક હત્યાના... લુંટના...માર્ગ અકસ્માતના... ચેન તોડનારાઓના..

'મહિલાઓ ચેન કેમ પહેરતી હશે?'

'ચેનો તો મહિલાઓનું ઘરેણું છે એ નહિં પહેરશે...' એ મને સવાલ કરતા.

મારી પાસે જવાબ ન હોય.

...............

અમારા સ્ટાફ રૂમમાં શહેરમાં વધી રશેલા ગુનાઓ અને પોલીસની નીતી... કયાંક ગુનેગારોને પકડવા તો કયાંક વળી ગુનેગારોનું ફરાર થઈ જવું.

સ્ટાફમાં ચર્ચાઓ થતી. હું તો દર વખતની જેમ એક જ વાકય કહેતી જયાં આટલી બધી પોલીસ ગુનેગારોને પકડવાને માટે રોજ ધણી ધખાવ છ. છતાંય કશું વળતું નથી ત્યાં આપણે હૈયાનો ઉકાળો કરવાથી શું વળવાનું છે? બસ એ એટલું કે સાવધાન કહેવું બીજું શું...

અમારા સ્ટાફમાં જેમ હું નિષ્ઠાવાન શિક્ષિકા કહેવાતી એ સરોજ બહેન નામનાં શિક્ષિકા ધનવાન કહેવાતાં હતાં. એતો ઘણીવાર અમને કહેતાં 'હું તો ટાઈમપાસ કરવા નોકરી કરૂં છું બાકી મારે જરૂરત નથી'

જોકે આ વાત સાચી પણ હતી એમના વસ્ત્રોમાં એક ભભકો હોય. રોજ જાતજાતનાં સેન્ડલ હોય અને દાગીના દાગીનાની તો વાત જ કંઈક ઓર હતી. ગળામાં સિત્તેર હજારનાં ફુલ... હાથમાં સોનાની બેબે બંગડીઓ આંગળીમાં વીંટી...

અમને ખાસ કરીને મને એમની અદેખાઈ આવતી. મારી પાસે તો હતું પણ એમની તુલનાએ જાણે કોઈ ન હતું.

સ્ટાફની બહેનો ઘણીવાર સરોજ બહેનને કહેતાં 'આવો ઠઠારો કરો છો તો કયાંક કોઈ ચેન ખેંચનારો ભીટકાઈ જશે તો...' આજ કાલ શહેરમાં કેવા કેવા બનાવો બને છે...

'જે થવું હોય તે થાય પણ હું તો પહેરવાની એટલે પહેરવાની' સરલજ બહેન કહેતાં જાણે એમને સોના પ્રત્યે ઝાઝો મોહ હતો.

એક દિવસ જાણે સત્ય સામે આવી ગયું. તેઓ સવાર સવારમાં કાળા બાઈક પર આવેલા એમના કોઈ દોસ્તની સાથે નીકળ્યા..

'સાંજ સુધી આવી જઈશ... તને આવીને પૈસા આપીશ.'

એમણે કહયું પણ શનિવાર હતો અને મારે મોડું થતું એટલે જવાબ આપવા માટે પરવા ન કરી. શાળામાં જઈને મારે મારા ક્રમ મુજબ પ્રાર્થના ગાવાની હતી.

હું નીકળું એ પહેલાં એ બેય જણા નીકળી ગયા.

હું અડધો કલાક પછી શાળાએ પહોંચી. સમય મુજબ હતી. પ્રાર્થના ગાઈ... સાથે સાથે એક વિધાર્થીએ સમાચાર વાંચ્યા... પછી છોકરાં એમના કલાસ ભેગાં થયાં... ત્યાં તો મને આચાર્ય સાહેબે બોલાવી... હું ગઈ મને સુચના મળી કારણકે સરોજબહેનને માર્ગમાં પ્રોબ્લમ થયો હતો..

મેં જાણ્યું.

આચાર્ય સાહેબે કહયું 'કોઈકે એમની ચેન તોડી છે પણ એક ભાગવા જતાં સરોજ બહેને હિંમત કરીને એને પકડી લીધો છે અને તેઓ પોલીસ સ્ટેશને ગયાં છે.

મેં સાંભળ્યું.

'જી સર...'

આખરે અમારા સરોજબહેને એક ગુનેગારને પકડયો ખરો... બાકી પોલીસતો ફાકા ફોજદારીમાં મસ્ત છે... હું બબડી.

શનિવાર હતો. સવારની શાળા... પાંચ પિરિયડ અને અગિયાર વાગે છુટી જવાનું. સમય ફટાફટ જવા લાગ્યો. સાડા નવ વાગ્યે રિસેસ દરમિયાન સરોજબહેનની વાત ચર્ચાણી. કોઈ એ હિંમતનાં વખાણ કર્યા. કોઈએ મોંઘી ચેનો ન પહેરવી જોઈએ મતલબની ટિપ્પણીઓ કરી. મેં પોલીસો પર માછલાં ધોયા... અગિયારે છુટયા. ઘેર પહોંચી.

હું સ્તબ્ધ થઈ ગઈ... મોં પર નાખેલું પોલીસોનું કપડું અને ચોકડીવાળો શર્ટ... કયાંક એ તો નહીં હોયને... એમણે મને કયારેક એમના ધંધા અંગે કહયું નથી... એટલે જ મને રૂપિયા આપતા હતા. બીજી તરફ ટીવીમાં એનું એ દશ્ય વારંવાર રજુ કરી કહયા કતા.

હું રધવાઈ થઈ ગઈ. કયાંક એ તો... લાંબો વિચાર કરીને પોલીસ સ્ટેશન પહોંચી...ત્યાંથી મેઈન સ્થળે ગઈ... મેં જે જોયું...જાણ્યું... મારો અંદાજ સાચો નિકળ્યો. પગ તળેથી જાણે જમીન સરકી ગઈ. મેં કહયું જિંદગી જીવવા માટે કોઈ સારો ધંધો આવડતો નહતો.

લોકો કહે છે સ્ત્રી એક શિક્ષિકા અને ઘરવાળો..

રેણુ વિષ્ણુકુમાર બારોટ

### બાળ ઉછેર...

અનુસંધાન ૫ નું ચાલુ

દૂર રાખવાં. નો હોટ વૉટર આપણને એમ લાગે છે કેઠંડીમાં ગરમ-ગરમ પાણીથી નાહવાથી ઠંડી ઊડી જશે અને નાનાં બાળકોને તો ગરમ પાણીથી જ નવડાવવાં જોઈએ. પણ આ ખોટું છે. નાનાં બાળકોને બહુ ગરમ પાણીથી નવડાવવાથી તેમની ત્વચા વધારે સૂકી થઈ જાય છે. એટલે તેમને હૂંફાળા પાણીથી સ્નાન કરાવવું જોઈએ. એ સાથે આપણે સ્નાન કરાવતા સમયે શરીર ઘસવા માટે જે સ્કબ વાપરીએ છીએ એ પણ ન વાપરવું જોઈએ. આનાથી સ્કિન વધારે ડ્રાય થાય છે. મારી પાસે ઘણા એવા પેશન્ટ આવે છે જે ક્યાંય ફરવા જાય અને ત્યાંથી કોઈ પણ ક્રીમ કે બૉડી-લોશન લે છે અને એને બાળકની સ્કિન પર લગાવે છે. પછી એની સ્કિન પર એલર્જી થાય છે. એટલે આવું કંઈ ન કરવું જોઈએ. બાળકની સ્કિન બહુ સેન્સિટિવ હોય છે એટલે જરૂરી નથી કે તેને બધી પ્રોડક્ટ્સ સૂટ થાય. એટલે વિધાઉટ પ્રિસ્ક્રિપ્શન બાળકની સ્કિન માટે કોઈ પણ પ્રોડક્ટ ન લેવી જોઈએ. બાળકની ક્રીમ પેરાફિન-ફ્રી, કલર-ફ્રી અને સુગંધરહિત હોવી જોઈએ. એ સાથે મિનરલ્સથી ભરપૂર પણ ન હોવી જોઈએ. નાનાં બાળકો માટે ગ્લિસરિન અને વિટામિન ઓ ઉપયોગ વધારે કરવો જોઈએ. જેમાં આ બે વસ્તુ હોય એ ક્રીમ જ લગાવવી જોઈએ. નાનાં બાળકોના પગ પણ ઠંડીમાં ફાટી જાય છે એટલે તેમને રાત્રે પગમાં મોઈસ્ચરાઈઝર લગાવીને કૉટનનાં પગનાં મોજાં પહેરાવીને સુવડાવવાં. આનાથી તેમના પગ સૉફ્ટ થશે અને ફાટશે નહીં. આપણી સ્કિન-ટાઈપ હોય છે, પણ નાનાં બાળકોની કોઈ સ્કિન-ટાઈપ નથી હોતી; કેમ કે તેમનામાં ૧૩ વર્ષ સુધી કોઈ હૉમોર્નલ ચેન્જિસ થતા નથી. ૧૩ વર્ષ પછી હૉમોર્નલ ચેન્જના કારણે તેમની સ્કિનમાં બદલાવ આવે છે. ઘરગથ્થુ ઉપાય નાના બાળકની ત્વચા માટે ઘરગથ્થુ ઉપાય પણ છે. બાળકને નવડાવતાં પહેલાં દહીં, ચણાનો લોટ અને હળદર મિક્સ કરેલી પેસ્ટને ૧૦ મિનિટ માટે સ્કિન પર લગાવવી. ૧૦ મિનિટ પછી નાહતા સમયે એ કાઢી લેવી. દહીંમાં ચીકાશ વધારે હોય છે એટલે એ સ્કિનને જે ઑઈલ જોઈતું હોય એ પૂરું પાડે છે. ચણાનો લોટ સ્કિનને એક્સફોલિએટ કરે છે અને હળદર એન્ટિસેપ્ટિક છે.